પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૦-૧૦-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૫૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# દીપકે, રાંકા, દાસની દિલ્હી એરપોર્ટ પરથી અટકાયત

## ચીફ ઈલેકશન કમિશનરના રાજીનામાની માંગણી સાથે દિલ્હીમાં જંતર મંતર ખાતે સીજેપીનું આંદોલન રોકવા અભેદ સુરક્ષા : જુદા જુદા સ્થળેથી ૬૦૦ જેટલા લોકોની અટક કરાઈ





નવી દિલ્હી, તા. ૧૦

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપકો અભિજીત દીપકે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટમાંથી જ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. તેઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામા અને SIR રોકવાની માગને લઈને જંતર-મંતર પર બોલાવવામાં આવેલા પાર્ટીના પ્રદર્શનમાં સામેલ થવા પહોંચ્યા હતા. યુટ્યુબર ધ્રુવ રાઠીને તેમના ગુરુગ્રામ સ્થિત ઘરેથી જ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૬૦૦ અન્ય સમર્થકોને પણ રાજધાનીના અલગ-અલગ સ્થળોએથી પકડી લેવામાં આવ્યા હતા.

આ પહેલાં અલગ-અલગ વિસ્તારોમાંથી CJP સમર્થકો જંતર-મંતર પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોલીસ તેમને કસ્ટડીમાં લઈ રહી છે. વાહનોને રોકવા માટે રસ્તાઓ પર ખીલાઓ લગાવવામાં આવ્યા છે.

સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે ૪૫ મેટ્રો સ્ટેશનો બંધ કરવામાં આવ્યા છે, તેમજ નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન આવતી ૨૫૦ મેલ-એક્સપ્રેસ ટ્રેનો આજે રદ કરવામાં આવી છે. બીજી તરફ, ઈન્ડિયા ગેટની આસપાસ ૪ કિલોમીટરના વિસ્તારમાં શુક્રવાર રાત્રે ૧૦ વાગ્યાથી શનિવાર રાત્રે ૧૦ વાગ્યા સુધી ઈન્ટરનેટ બંધ રહેશે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર જશે અને મોદી સરકાર પણ જશે. ત્યાર બાદ લોકતંત્રને સુધારવાનું કામ શરૂ થશે.રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર હિન્દીમાં પોસ્ટ કરીને આ વાત કહી. તેમણે સંસદના સેન્ટ્રલ હોલમાt INDIA બ્લોકના સાંસદોને આપેલા પોતાના ભાષણનો વીડિયો પણ શેર કર્યો.CJP એ પોતાની લીગલ અફેર્સ હેડ રત્ના સિંહનો એક વીડિયો શેર કર્યો છે. તેમાં રત્ના વીડિયો કૉલ પર વાતચીતમાં કહે છે- સવારે મારા ઘરે પોલીસ આવી હતી. પોલીસકર્મીઓએ કહ્યું કે ઉપરથી આદેશ આવ્યો છે. તેઓ મને ઘરે જ રહેવા માટે કહી રહ્યા છે, પરંતુ હું કારમાંથી નીચે ઉતરી નથી. તેમણે મારી કારને ઘેરી રાખી છે. કારમાં અમે ફક્ત ત્રણ યુવતીઓ છીએ.દિલ્હી પોલીસ અભિજીત દીપકેને સમજાવવા માટે પ્લેનની અંદર પહોંચી છે, જેના પર દીપકે કહી રહ્યા છે કે આ વાત તો તમે મને બહાર આવ્યા પછી પણ કહી શકતા હતા.CJP એ પોતાની લીગલ અફેર્સ હેડ રત્ના સિંહનો એક વીડિયો શેર કર્યો છે. તેમાં રત્ના વીડિયો કૉલ પર વાતચીતમાં કહે છે- સવારે મારા ઘરે પોલીસ આવી હતી. પોલીસકર્મીઓએ કહ્યું કે ઉપરથી આદેશ આવ્યો છે. તેઓ મને ઘરે જ રહેવા માટે કહી રહ્યા છે, પરંતુ હું કારમાંથી નીચે ઉતરી નથી. તેમણે મારી કારને ઘેરી રાખી છે. કારમાં અમે ફક્ત ત્રણ યુવતીઓ છીએ.

## સરકાર યુવાઓથી ગભરાઈ ગઈ છે : અભિજીત દિપકે

### દેખાવો તો થશે જ : જેલમાં જવા તૈયાર : દીપકે

નવી દિલ્હી, તા. ૧૦

આજે જંતર મંતર પરના આંદોલન પુર્વે આ આંદોલનના મુખ્ય ચહેરા અભિજીત દીપકે મુંબઈથી દિલ્હી લેન્ડ થતા જ તેઓની દિલ્હી પોલીસે અટકાયત કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અભિજીત દીપકેને પરત જવા સમજાવાશે અને જો તે નહી માને તો અટકાયત કરાશે. તેને જંતરમંતર નહી પહોંચવા દેવા પોલીસ મકકમ છે.બીજી તરફ અભિજીત દીપકેએ મુંબઈમાં એક વિડીયો સંદેશમાં તેની ધરપકડ થાય તો જેલમાં જવાની તૈયારી રાખી છે. તેણે આક્ષેપ કર્યો કે સરકારે દેશના લોકો સામે જે યુદ્ધ છેડયુ છે તથા યુવાઓથી ગભરાઈ રહી છે. તેણે દિલ્હીમાં પોલીસના ખડકલા સામે પણ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે જે રીતે આ તપાસ થઈ રહી છે તે આંદોલનને વધુ તાકાત આપશે.તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુવાઓની ચીતા હોવાનો દાવો કરતા કહ્યું કે તેથી જ આ પ્રકારે પોલીસ મકકમ છે. જો તેઓ દેશના યુવાઓથી ગભરાતા હોય તો શા માટે વડાપ્રધાનની ખુરશી પર બેઠા છે.

## દિલ્હીમાં ચાલતો ધરપકડનો દૌર : લોકડાઉન જેવી સ્થિતિ

### દિલ્હીને સીલ કરવા ૧૭૦ જેટલી ટ્રેનો પણ રદ કરાઈ

નવી દિલ્હી, તા. ૧૦

મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારના રાજીનામા સહિતની માંગ સાથે આજે કોકરોચ જનતા પાર્ટીના જંતરમંતર પર પ્રદર્શન પુર્વે જ ગઈકાલથી દિલ્હીને અભેદ કિલ્લામાં ફેરવી નખાયા બાદ આજે સવારથી જ આંદોલનકારીઓ પર પોલીસ તથા અર્ધલશ્કરી દળો તુટી પડયા છે તથા ધરપકડનો દૌર શરુ કરી દીધા છે.તો પાટનગરના ૪૫ મેટ્રોસ્ટેશનો બંધ કરાયા છે. દેશભરમાંથી આવતી ૧૭૦ જેટલી ટ્રેનો રદ કરવામાં આવી છે તથા દિલ્ની સરહદો સીલ જેવી સ્થિતિ છે તથા હાલ પાટનગરમાં જે રીતે દુકાનો, શોપીંગ સેન્ટર બંધ છે તથા રોડ પરના દરેક વ્યક્તિની પુછપરછ અને સંભવિત આંદોલનકારીની અટકાયત થઈ રહી છે તે નવી લોકડાઉન જેવી સ્થિતિ બની છે.દિલ્હીમાં સીઆરપીએફના ૧૨૦ કંપનીઓના ૩૭૦૦૦ જવાનો તથા દિલ્હી પોલીસના ૩૦૦૦થી વધુ જવાનોને રેપીડ એકશન ફાર્મ હાલ જંતરમંતર સુધી એક પણ આંદોલનકારી જઈ શકે નહી તેની ચિંતા કરી રહ્યા છે. દિલ્હી પોલીસે મોટાભાગના ક્ષેત્રમાં ડ્રોનથી પણ સતત નજર રાખીને જયાં પણ કોઈ આંદોલનકારી જેવા ચહેરા દેખાય ત્યાં પોલીસ વાન પહોંચી જાય છે.

અનુસંધાન પાના ૭ પર

## ઉત્તર ભારતમાં હવામાન પલટો ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડમાં વરસાદ

### ઉત્તરાખંડમાં તોફાની વરસાદ સાથે કરા વરસ્યા : પર્વતો પર ભારે હિમ વર્ષા

નવી દિલ્હી, તા. ૧૦

દેશના મોટાભાગના ક્ષેત્રોમાંથી નૈઋત્ય ચોમાસાની વિદાય થઈ ગયા બાદ હવે ખાસ કરીને ઉતર ભારતના કેટલાંક રાજ્યોમાં મોટો હવામાન પલ્ટો સર્જાયો હતો. ઉત્તર પ્રદેશમાં વરસાદ, હરિદ્વારમાં કરા તથા પહાડી ભાગોમાં હિમવર્ષા થઈ હતી. હવામાનની દુર્ઘટનામાં ચાર લોકોના મોત નિપજયા હતા અને કૃષિક્ષેત્રને વ્યાપક નુકશાન થયું હતું.ઉત્તર પ્રદેશના અનેક ભાગોમાં ગઈ મોડી સાંજથી અચાનક હવામાન પલ્ટો થયો હતો. ઝંઝાવાતી પવન સાથે ભારે વરસાદ થયો હતો. અનેક વિસ્તારોમાં કરા પણ વરસ્યા હતા, ઝાડ-હોર્ડીંગ-થાંભલા ધરાશાયી થયા હતા. જુદી-જુદી દુર્ઘટનામાં ચાર લોકોએ જાન ગુમાવ્યા હતા. અનેક કાચા-પાકા મકાનોને પણ નુકશાન થયું હતું. કૃષિ ક્ષેત્રને વ્યાપક નુકશાનીની શંકા છે.ઉત્તરાખંડના હરિદ્વારમાં પણ હવામાનનું રૌદ્ર સ્વરૂપ હતું. પરિણામે જનજીવન ઠપ્પ થઈ ગયું હતું. એકાએક મુશળધાર વરસાદ ખાબક્યો હતો. મોટા કરા પણ વરસ્યા હતા તેને કારણે વાહનો-મકાનોનો કાચ તુટી ગયા હતા.વરસાદ-હવામાનના રૌદ્ર સ્વરૂપથી લોકો ભયભીત બન્યા હતા. ચોમાસાની વિદાય પછીના આ વરસાદથી લોકો ડઘાઈ ગયા હતા. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસરથી આ હવામાન પલ્ટો થયો હતો.બીજી તરફ ઉંચા હિમાલયન ક્ષેત્રમાં પખવાડિયામાં બીજી વખત હિમવર્ષા થઈ હતી. ધારચૂલાથી માંડીને મુનસ્પારી સુધી ૧૦૦૦૦ ફૂટની ઉંચાઈએ ભારે બરફવર્ષા હતી.

## પનામામાં ૭.૭ અને ૬.૬ની તિવ્રતા ધરાવતા એક પછી એક પ્રચંડ ભૂકંપ

### ધરતીકંપના ડબલ અટેકથી ધરતી ધ્રુજી ઉઠતા અનેક ઈમારતો ધરાશાયી



નવી દિલ્હી, તા. ૧૦

મધ્ય અમેરિકન દેશ પનામા શુક્રવારે ભૂકંપના શક્તિશાળી આંચકાઓથી ધ્રૂજી ઊઠ્યો. થોડા જ સમયના અંતરે આવેલા ૭.૭ અને ૬.૬ની તીવ્રતાના બે ભૂકંપોએ દેશના અનેક ભાગોમાં અફરાતફરી મચાવી દીધી. ભૂકંપ બાદ સતત ડઝનેક આફ્ટરશોક્સ અનુભવાતા લોકોમાં ભયનો માહોલ રહ્યો. અનેક ઈમારતોને નુકસાન થયું, રસ્તાઓમાં મોટી તિરાડો પડી અને હજારો લોકો સાવચેતીના ભાગરૂપે ઘરોની બહાર નીકળી આવ્યા. વહીવટીતંત્રે રાહત અને નુકસાનના આકલનની કામગીરી શરૂ કરી દીધી છે.

અમેરિકી ભૂગર્ભ સર્વેક્ષણ મુજબ, પહેલો અને સૌથી શક્તિશાળી ભૂકંપ પનામાના હેરેરા પ્રાંતમાં આવેલા પિટાલોસા અરિબા સમુદાયના દક્ષિણ-પશ્ચિમમાં આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ લગભગ ૧૦ કિલોમીટર હોવાનું જણાવાયું છે. શરૂઆતમાં તેની તીવ્રતા ૮.૦ માપવામાં આવી હતી, જેને બાદમાં સુધારીને ૭.૭ કરવામાં આવી. તેના થોડા સમય બાદ ૬.૬ની તીવ્રતાનો વધુ એક મોટો ભૂકંપ આવ્યો, જેના કારણે પહેલેથી જ ડરી ગયેલા લોકોમાં વધુ ગભરાટ ફેલાયો. આંચકા પડોશી દેશ કોલંબિયા સુધી અનુભવાયા.

ન્યૂઝ એજન્સી એપી મુજબ ભૂકંપ બાદ રાજધાની પનામા સિટીમાં લોકો પોતાના ઘરો અને કાર્યાલયોમાંથી બહાર નીકળી આવ્યા. અનેક સ્થળોએ લોકો ખુલ્લા મેદાનો અને રસ્તાઓ પર એકત્ર થઈને પરિસ્થિતિ સામાન્ય થવાની રાહ જોતા જોવા મળ્યા. હેરેરા પ્રાંતના રહેવાસી રોસેન્ડો ડોમિંગેઝે જણાવ્યું કે આંચકા એટલા તીવ્ર હતા કે રસોડામાં રાખેલો સામાન પણ પડી ગયો. તેમણે કહ્યું કે લોકો ખૂબ જ ડરી ગયા છે અને મોટી સંખ્યામાં ઘરોમાંથી બહાર નીકળી આવ્યા છે.

મુખ્ય ભૂકંપો બાદ સમગ્ર વિસ્તારમાં આફ્ટરશોક્સનો સિલસિલો ચાલુ રહ્યો. ઘણા આંચકાઓની તીવ્રતા ૫.૮, ૫.૫ અને ૫.૨ નોંધાઈ. પનામા યુનિવર્સિટીના ભૂકંપ વૈજ્ઞાનિકો

અનુસંધાન પાના ૭ પર

## ૨૦૨૭મા દુર્લભ સુર્યગ્રહણ : વિશ્વના કેટલાક ભાગોમાં છવાસે અંધારપટ

### દુર્લભ સુર્યગ્રહણનો ભારતમાં આંશિક નજારો જોવા મળશે

નવી દિલ્હી, તા. ૧૦

જ્યોતિષીઓના મતે, ૨ ઓગસ્ટ ૨૦૨૭ના રોજ એક દુર્લભ પૂર્ણ સૂર્યગ્રહણ થશે. આ સમયગાળા દરમિયાન, વિશ્વના કેટલાક ભાગો દિવસના પ્રકાશના કલાકો દરમિયાન અંધારામાં ડૂબી જશે. જ્યારે ચંદ્ર સૂર્યને સંપૂર્ણપણે ઢાંકી દેશે, ત્યારે આકાશ અચાનક બદલાઈ જશે. આ ગ્રહણનો મહત્તમ સમયગાળો ૬ મિનિટ અને ૨૩ સેકન્ડ સુધીનો હોઈ શકે છે.આ લાંબા સમયગાળાને ખૂબ જ ખાસ માનવામાં આવે છે. જ્યોતિષીઓનું માનવું છે કે, આ ૧૯૯૧ પછી પૃથ્વી પરથી દેખાતા સૌથી લાંબા પૂર્ણ સૂર્યગ્રહણમાંનું એક હશે. જાણો કે, આ ગ્રહણ ભારતમાં ક્યાં દેખાશે અને કયા દેશોમાં પૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળશે.૨ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ સૂર્યગ્રહણ યુરોપ, ઉત્તર આફ્રિકા અને મધ્ય પૂર્વના કેટલાક ભાગોમાં દેખાશે. તેનો મુખ્ય માર્ગ દક્ષિણ સ્પેન અને જિબ્રાલ્ટરમાંથી પસાર થશે, ઉત્તર આફ્રિકા પહોંચશે. ત્યારબાદ ચંદ્રનો પડછાયો મધ્ય પૂર્વના ભાગોમાં વિસ્તરશે.આ ગ્રહણ ખૂબ જ ખાસ માનવામાં આવે છે. અહીં પૂર્ણ સૂર્યગ્રહણનો સમયગાળો ઘણો લાંબો રહેવાની ધારણા છે. આ સમય દરમિયાન, ચંદ્ર સૂર્યને સંપૂર્ણપણે ઢાંકી દેશે, જેનાથી તેનો નજારો થોડા સમય માટે ઢંકાઈ જશે.૨ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે, પરંતુ તે પૂર્ણ ગ્રહણ નહી હોય. દેશના વિવિધ ભાગોમાં આંશિક સૂર્યગ્રહણ દેખાશે. આનો અર્થ એ છે કે, સૂર્યનો

અનુસંધાન પાના ૭ પર

## ટ્રમ્પનો યુટર્ન : અમેરિકા હવે રશિયા પાસેથી ડીઝલ ખરીદશે

### આ સોદાથી દુનિયામાં તેલના ભાવ ઘટશે : ટ્રમ્પે કરેલો દાવો



નવી દિલ્હી, તા. ૧૦

અમેરિકાએ રશિયા પાસેથી ડીઝલ ખરીદવા માટે કરાર કર્યો છે. ટ્રમ્પે શુક્રવારે આ અંગે માહિતી આપતાં સોશિયલ મીડિયા પર જણાવ્યું,તેમના જણાવ્યા અનુસાર, કરાર હેઠળ રશિયા તરત જ ૩ લાખ ટનથી વધુ ડીઝલ મોકલશે. ત્યારબાદ નવેમ્બરમાં ૫ લાખ ટન અને પછી ૧૦ લાખ ટન ડીઝલ મોકલવામાં આવશે. ખાસ વાત એ છે કે સપ્ટેમ્બરમાં જ ટ્રમ્પે રશિયા પર પ્રતિબંધો લગાવવાના કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા. આ અંતર્ગત રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર ટ્રમ્પ ૧૦૦% સુધીનો ટેરિફ લાદી શકે છે. તેમાં ભારત અને ચીન જેવા દેશો સામેલ છે. પુતિન સાથે ફોન પર વાતચીત કર્યા બાદ ટ્રમ્પે વૈશ્વિક બજારમાં રશિયન ડીઝલના વેચાણ અને આયાત પરના પ્રતિબંધોને ૭ એપ્રિલ, ૨૦૨૭ સુધી અસ્થાયી રીતે હટાવી દીધા છે. આ સોદો રશિયા પર અમેરિકાના દબાણની નીતિમાં મોટો ફેરફાર દર્શાવે છે. યુક્રેન યુદ્ધને કારણે અમેરિકા ઘણા વર્ષોથી રશિયા પર પ્રતિબંધો લાદતું આવ્યું છે. તેમણે કહ્યું કે ઓછી કિંમતો, ખાસ કરીને અમેરિકન ખેડૂતો, પશુપાલકો અને ટ્રકચાલકો માટે, તેમની સૌથી મોટી પ્રાથમિકતા છે. ટ્રમ્પે શુક્રવારે વ્હાઈટ હાઉસથી ચૂંટણી રેલી માટે રવાના થતાં સમયે પણ કરાર પર ખુશી વ્યક્ત કરી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ આ કરારને નબળો નિર્ણય ગણાવ્યો. ઝેલેન્સ્કીએ કહ્યું કે રશિયા આ કરારના બદલામાં વધુ આતંક અને

## સ્ટારલિંક મુદ્દે મસ્કનો વધુ એક એટેક

### ભારતના ટોચના ઉદ્યોગપતિ અંબાણીને પ્રાઈમ મીનીસ્ટર તરીકે સંબોધતા મસ્ક

નવી દિલ્હી, તા. ૧૦

દુનિયાના સૌથી મોટા ધનવાન અમેરિકી ઉદ્યોગપતિ એલોન મસ્કની કંપની સ્ટારલીકને ભારતમાં એન્ટ્રી મળતી ન હોવાના મામલે હવે તેઓએ ભારતના ટોચના ઉદ્યોગપતિ અંબાણીને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે.

સતત બીજા દિવસે સોશ્યલ મીડિયા પોસ્ટ મુકીને અંબાણીને વડાપ્રધાન તરીકે સંબોધ્યા હતા. ઉપરાંત તેમની કંપનીઓ તરફથી સતાધારી ભાજપને અપાયેલા ડોનેશનનો પણ ઉલ્લેખ કર્યો હતો.એલોન મસ્કે સતત બીજા દિવસે સોશ્યલ મીડિયા પોસ્ટ મુકી હતી તેના શિર્ષકમાં 'ડીયર પ્રાઈમ મીનીસ્ટર અંબાણી' (માનનીય વડાપ્રધાન અંબાણી) લખીને આકરા કટાક્ષ સાથે સનસનાટી સર્જી હતી.પોસ્ટમાં આગળ તેઓએ એમ લખ્યું છે કે, 'ભારતના વાસ્તવિક બોસ તમે હોવાની હકિકત સમજી ન શકવા બદલ દિલગીરી સ્વીકારવા નમ્ર અરજ છે દેખીતી રીતે તમે મહાન રાષ્ટ્ર ભારતના લોકોનું મોનોપોલી રાખીને શોષણ કરવાનું વલણ અપનાવી રહ્યો છે પરંતુ સ્ટારલીકને મંજુરી આપીને સ્પર્ધામાં ઉતરવા નહીં દ્યો!''ભારતમાં અનેક ક્ષેત્રો, જેમ દુનિયાના તમામ દેશોમાં હોય છે, જ્યાં ઈન્ટરનેટ સુવિધા ન હોવાથી બાળકો શિક્ષણના લાભથી અને નાના વેપારીઓ વિશ્વબજારમાં પોતાના માલ વેચવાની તક મેળવી શકતા નથી. સ્ટારલીંક તેઓનું જીવન બહેતર બનાવી શકે છે.'આ પોસ્ટ પૂર્વે ગઈકાલે તેઓએ પોસ્ટ મુકી હતી તેમાં 'અંબાણીને ભારતના રીયલ બોસ ગણાવ્યા હતા.' આ પોસ્ટ બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ તેમની તરફેણ કરીને વધુ કટાક્ષ કરતી પોસ્ટ મુકી હતી જે બદલ મસ્કે રાહુલનો આભાર પણ માન્યો હતો.એલોન મસ્ક દ્વારા પછી એક વધારાની પોસ્ટ પણ મુકવામાં આવી હતી. તેમાં રીલાયન્સ સંલગ્ન કંપનીઓએ ભાજપને આપેલા ડોનેશનના ન્યુઝ રીપોર્ટ રજુ કરવામાં આવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, દુનિયાના ટોચના ઉદ્યોગપતિ મસ્કની કંપની સ્ટારલીકને ભારતમાં મંજુરી મળતી ન હોવાથી તે ધૂંધવાયા છે. આ પાછળ અંબાણીનો હાથ હોવાનું માની રહ્યાની છાપ છે.

## મસ્કને કમલ હાસનનો જવાબ 'ભારત કોઈનું ગુલામ નથી'

### સ્ટારલિંક અંગે મસ્કે કરેલી પોસ્ટનો જવાબ આપતા ફિલ્મ અભિનેતા

નવી દિલ્હી, તા. ૧૦

ઈલોન મસ્કે ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકને લાઈસન્સ ન મળવા અંગે સવાલો ઉઠાવ્યા છે.મસ્કે ગુરુવારે ઠ પર લખ્યું કે સ્ટારલિંકને દુનિયાના ૧૬૫થી વધુ દેશોમાં સેવા આપવાની મંજૂરી મળી ચૂકી છે. કંપની છેલ્લા પાંચ વર્ષથી ભારત સરકારના દરેક કાયદા અને જરૂરી શરતોનું પાલન કરી રહી છે. તેમ છતાં તેને ભારતમાં લાઈસન્સ શા માટે મળ્યું નથી? શું અંબાણી દેશના વાસ્તવિક બૉસ છે? મસ્કના સવાલનો જવાબ આપતાં કમલ હાસને ઠ પર લખ્યું- મિસ્ટર મસ્ક, એ વાત નક્કી છે કે કોઈ પણ અબજોપતિ કોઈ દેશની નીતિ નક્કી કરી શકતો નથી—પછી તે ભારતીય હોય કે અમેરિકન. અમે એક લોકશાહી દેશ છીએ. ભારતના લોકો પોતાની શક્તિઓ અને ખામીઓ અંગે પરસ્પર ચર્ચા કરશે, સવાલો ઉઠાવશે અને તેમાં પોતે જ સુધારો કરશે.

અનુસંધાન પાના ૭ પર

# બિહાર વિકાસ પરિષદ સુરતનો ૩૨મો ભવ્ય મા દુર્ગા પૂજા મહોત્સવ

## ભોજપુરી ગાયકો દ્વારા ભજન પ્રદર્શન અને બાળકોની સ્પર્ધાઓનું પણ આયોજન

સુરત, તા.૧૦

સુરત. શ્રદ્ધા, ભક્તિ, શક્તિ અને સામાજિક એકતાના પ્રતીક મા દુર્ગા પૂજા મહોત્સવ માટે સુરતમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. પોતાની ભવ્ય પરંપરાને ચાલુ રાખીને, બિહાર વિકાસ પરિષદ, સુરત, ૧૧ થી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સિંધી સમાજ વાડી, વિજય ગાર્મેન્ટ્સ પાછળ, રામનગર, રાંદેર રોડ, સુરત ખાતે ૩૨મો વાર્ષિક મા દુર્ગા પૂજા મહોત્સવનું આયોજન કરી રહ્યું છે. આ દસ દિવસનો ઉત્સવ દૈનિક પ્રાર્થના, આરતી, ભજન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભક્તિમય વાતાવરણ બનાવશે.

સભાના પ્રમુખ શ્રી ધર્મેશ સિંહે જણાવ્યું હતું કે મા દુર્ગાનો મહિમા અમાપ છે. આજે, ભક્તો મા દુર્ગા દેવીના દરબારમાં ભક્તિભાવથી જે પણ પ્રતિજ્ઞાઓ કે સંકલ્પો કરે છે, મા દુર્ગા તેને પૂર્ણ કરે છે. તે શક્તિ, હિંમત, સદ્ભાવના અને અનિષ્ટ પર સારાના વિજયનું પ્રતીક છે. મા દુર્ગાના આશીર્વાદથી, દરેકના જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને આરોગ્યનો આશીર્વાદ મળે છે. આ શુભ કામના સાથે, બિહાર વિકાસ પરિષદ દર વર્ષે આ ભવ્ય ઉત્સવનું આયોજન કરે છે. તેમણે જણાવ્યું હતું કે આ ઉત્સવ માત્ર એક ધાર્મિક પ્રસંગ નથી, પરંતુ સમાજને એક કરવા, પરસ્પર ભાઈચારાને મજબૂત કરવા અને સુરતમાં બિહારની સમૃદ્ધ ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓને જીવંત રાખવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ પણ છે. શ્રી સિંહે જણાવ્યું હતું કે આ વર્ષે આ મહોત્સવનું આયોજન કન્વીનર શ્રી નિરંજન અગ્રવાલ અને સહ-કન્વીનર શ્રી સંજય ઝાના નેતૃત્વ હેઠળ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર પરિષદની કારોબારી સમિતિ, આયોજન સમિતિ અને સહયોગી સભ્યો આ કાર્યક્રમને ભવ્ય અને યાદગાર બનાવવા માટે ઉત્સાહ અને એકતા સાથે કામ કરી રહ્યા છે. પરિષદના તમામ સભ્યો અને સમુદાયના સહયોગથી, મા દુર્ગા પૂજા ઉત્સવને ભક્તિ, સેવા, સમર્પણ અને સામાજિક ભાગીદારીનું એક વિશેષ પાત્ર આપવામાં આવશે. આ ઉત્સવ કળશ (માટીના ઘડા) ની સ્થાપના અને મૂર્તિ (અર્ચના) ની ધાર્મિક પૂજા સાથે શરૂ થશે. ત્યારબાદ, નિર્ધારિત ધાર્મિક પરંપરાઓ અનુસાર દૈનિક સવાર અને સાંજની પ્રાર્થના અને આરતી કરવામાં આવશે. ઉત્સવ દરમિયાન, ષષ્ઠી, સપ્તમી, મહાઅષ્ટમી અને મહા નવમી પર વિશેષ ધાર્મિક વિધિઓ યોજાશે. ૧૯ ઓક્ટોબરે મહા નવમી પર હવન કરવામાં આવશે અને ૨૦ ઓક્ટોબરે વિજયાદશમી અને દશેરા પૂજા પછી મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે. ખાસ મહેમાનો દેવી દુર્ગાની દૈનિક સાંજની આરતીમાં હાજરી આપશે. ભક્તો દેવીના દર્શન કરશે અને પ્રાર્થના કરશે, તેમના પરિવારો, સમાજ અને રાષ્ટ્રની સુખ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરશે.



**ઉમિયાધામ - વરાછા, ઉમાપુરમ્ - ડીંડોલી, ભાઠેના, અમીઝરા, જહાંગીરપુરા મંદિર, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, ઉત્તર ગુજરાત સ્કુલ, ઉત્તર ગુજરાત હિત વર્ધક મંડળ, વિવિધ સમાજો, સૌરાષ્ટ્ર સમાજ, કચ્છ સમાજ તથા લાલચુડા અને કાળા ચુડાસમાજ, સિનીયર સીટીઝન મંડળો, મહિલા સંગઠનો, પાટીદાર સમાજની તમામ સંસ્થાઓ અને સૌ શુભેચ્છકો દ્વારા આયોજિત સન્માન સમારોહ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા સર્વાનુમતે નવનિયુક્ત પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ (Retd. IAS) ના અભિવાદન અને સન્માન સમારોહ યોજાયો હતો.**

# ઉકાઈમાં તાલુકા કક્ષાના વન મહોત્સવ-૨૦૨૬નું આયોજન

## કામધેનું યુનિવર્સિટી ખાતે 'સેવા સંકલ્પ અભિયાન'

સુરત, તા.૧૦

ગુજરાત સરકારના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'ગ્રીન ગુજરાત, ક્લીન ગુજરાત'ના સંદેશ સાથે ઉકાઈ તાલુકા કક્ષાના વન મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું. પર્યાવરણ સંરક્ષણ, હરિયાળી વધારવા તેમજ વૃક્ષારોપણ પ્રત્યે લોકોમાં જાગૃતિ કેળવવાના હેતુથી યોજાનારા આ કાર્યક્રમમાં વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં માંડવીના ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ હળપતી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અને તાપી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અશોકભાઈ ગામીત તે સાથે રેન્જ ફોરેસ્ટ ઓફિસર સોનગઢ શ્રી સી.કે.અજરા સાહેબ અને વન વિભાગ નો સ્ટાફ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારવામાં આવી.

વન મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ અને પર્યાવરણ જાળવણી અંગે જનજાગૃતિ ફેલાવવાની સાથે વધુમાં વધુ હરિયાળી વિકસાવવા માટે સૌને જોડાવાનો સંદેશ આપવામાં આવ્યો. 'ગ્રીન ગુજરાત, ક્લીન ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવા માટે વન મહોત્સવ જેવા કાર્યક્રમો મહત્વપૂર્ણ બની રહ્યા છે. આ કાર્યક્રમનું આયોજન સામાજિક વનીકરણ રેન્જ, સોનગઢ, સામાજિક વનીકરણ વિભાગ, સુરત, હેડ સેન્ટર ઓફ એક્સલન્સ ઈન એક્વાકલ્ચર, કામધેનુ યુનિવર્સિટી, ઉકાઈ તથા તાલુકા વહીવટી તંત્ર, ઉકાઈના સહયોગથી કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પર્યાવરણપ્રેમીઓ, વિદ્યાર્થીઓ, વનવિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, વહીવટી તંત્રના પ્રતિનિધિઓ તેમજ સ્થાનિક નાગરિકોને ઉપસ્થિત રહી વન સંરક્ષણ અને હરિયાળી વધારવાના સંકલ્પમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી.

# વઝરડા ગામે ખુલ્લા ટાંકામાં ખાબકેલા દીપડાનું સફળ રેસ્ક્યુ

સોનગઢ, તા.૧૦

સોનગઢ રેન્જના વઝરડા ગામે ખુલ્લા ટાંકામાં ખાબકેલા આશરે એક વર્ષના દીપડાને વનવિભાગ અને RCSSGની ટીમે સફળતાપૂર્વક સહીસલામત બહાર કાઢ્યો હતો. વનવિભાગની સમયસૂચક કામગીરી અને ટીમના સંકલિત પ્રયાસોથી એક વન્યજીવનો જીવ બચાવવામાં સફળતા મળી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, વઝરડા ગામે દીપડો ખુલ્લા ટાંકામાં પડી ગયો હોવાની જાણ ફોરેસ્ટર રાહુલ દ્વારા RCSSGના મેમ્બર ઈમરાન વૈદને કરવામાં આવી હતી. જાણ મળતાં જ RCSSGના સભ્યો ક્રિષ્નલ ગામિત, હિરેન ચૌધરી અને અનંત પટેલ તેમજ સોનગઢ રેન્જનો વનવિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ટીમ દ્વારા તાત્કાલિક રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે જહેમત બાદ દીપડાને સુરક્ષિત રીતે ટાંકામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને કિકાકુઈ રેસ્ક્યુ સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં વનવિભાગની દેખરેખ હેઠળ તેની જરૂરી તપાસ અને સારવાર કરવામાં આવી રહી છે.



# SCET ખાતે 'CYBER RECON 2026' હેન્ડ્સ-ઓન સાયબર સુરક્ષા વર્કશોપ



સુરત, તા.૧૦

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (SCET), સાર્વજનિક યુનિવર્સિટી, સુરત ખાતે સાયબર સિક્યુરિટી ક્લબ દ્વારા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ડેટા સાયન્સ (AI & DS) વિભાગના સહયોગથી તા. ૯ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ "CYBER RECON 2026 – From Footprinting to Exploitation" વિષય પર એક દિવસીય નિષ્ણાત-આધારિત પ્રાયોગિક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યશાળાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષાનાં સાધનો અને તકનીકોનો પ્રાયોગિક પરિચય આપવાનો તથા સાયબર સુરક્ષાના ક્ષેત્રમાં તેમની ટેક્નિકલ સમજ વિકસાવવાનો હતો. આજના ડિજિટલ યુગમાં વિદ્યાર્થીઓ અભ્યાસ, સંશોધન, પ્રોજેક્ટ્સ, સોશિયલ મીડિયા અને ઑનલાઈન સંદેશાવ્યવહાર માટે ઈન્ટરનેટનો વ્યાપક ઉપયોગ કરે છે. આવા સમયમાં વેબસાઈટ્સ, નેટવર્ક્સ અને ડિજિટલ માહિતીની સુરક્ષા અંગે જાગૃતિ કેળવવી અત્યંત જરૂરી છે. ફિશિંગ, પાસવર્ડની ચોરી, માલવેર અને અન્ય સાયબર જોખમોની સમજ વિદ્યાર્થીઓને ડિજિટલ વાતાવરણમાં વધુ સાવચેત અને જવાબદાર બનવામાં મદદરૂપ થાય છે. કાર્યશાળા દરમિયાન વિદ્યાર્થીઓને Kali Linux અને નેટર્વકિંગનાં મૂળભૂત સિદ્ધાંતો, વેબસાઈટ ફૂટપ્રિન્ટિંગ અને રેકોનિસન્સ, મૂળભૂત નેટવર્ક સ્કેનિંગ, Wireshark દ્વારા નેટવર્ક સ્નિફિંગ, માલવેરનાં મૂળભૂત પાસાઓ તથા સુરક્ષિત લેબમાં તેનું નિદર્શન, તેમજ પાસવર્ડ અને હેશ ક્રેકિંગ જેવા વિષયો અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# 'નવલી રાત્રી - માતાજીના રંગે, સહેલીના સંગે' કાર્યક્રમ યોજાયો

## ભવ્ય આયોજનમાં મહિલાઓએ ગરબાની રમઝટ બોલાવી



સુરત, તા.૧૦

અમદાવાદી ઘાંચી વુમન્સ ક્રિએટિવ ક્લબ, નવું મંડળ, સુરત દ્વારા આવનારી નવરાત્રીના પાવન પર્વની ઉજવણીના ભાગરૂપે "નવલી રાત્રી – માતાજીના રંગે, સહેલીના સંગે" નામથી ભવ્ય અને આનંદમય કાર્યકયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યકમમાં ૧૪૦ જેટલી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન પ્રાચીન તથા અર્વાચીન ગરબા તેમજ દોડિયાની વિવિધ સ્પર્ધાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓએ પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને ગરબાના તાલે મન મૂકીને ઝૂમી ઉઠી સમગ્ર વાતાવરણને નવરાત્રીના રંગે રંગી દીધું હતું. કાર્યકમમાં મહિલાઓનો ઉત્સાહ અને ઉમંગ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. પરંપરા અને આધુનિકતાના સુંદર સમન્વય સાથે આયોજિત આ કાર્યકમ મહિલાઓ માટે આનંદ, મનોરંજન અને સૌહાર્દનું યાદગાર પર્વ બની રહ્યો હતો. ગરબા અને દોડિયાની વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે શ્રી ધવલ મોતીવાલા તથા શ્રીમતી નિરાલીબેને સેવા આપી હતી. બંને નિર્ણાયકો દ્વારા સ્પર્ધકોની કળા, તાલ, અભિવ્યક્તિ તથા પરંપરાગત રજૂઆતને ધ્યાનમાં રાખીને નિષ્પક્ષ રીતે નિર્ણયો લેવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યકમને સફળ બનાવવા માટે અમદાવાદી ઘાંચી વુમન્સ ક્રિએટિવ ક્લબની તમામ કમિટી સભ્યો તથા બહેનોએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો. મહિલાઓને પોતાની પ્રતિભા રજૂ કરવા અને ગુજરાતી સંસ્કૃતિ તથા ગરબાની પરંપરાને જીવંત રાખવા માટે આવું સુંદર મંચ પૂરું પાડવા બદલ ક્લબની સર્વત્ર પ્રશંસા થઈ હતી.! "માતાજીના રંગે, સહેલીના સંગે" યોજાયેલી આ નવલી રાત્રી મહિલાઓના ઉત્સાહ, એકતા અને સંસ્કૃતિપ્રેમની સુંદર અભિવ્યક્તિ બની રહી હતી.

# તાપીમાં રેતી માફિયાઓ પર ફ્લાઈંગ સ્ક્વોડ ત્રાટકી

## સુલવાડા નદી પટમાંથી રૂ.૧.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

તાપી, તા.૧૦

તાપીજિલ્લા ભૂસ્તરવિભાગ સરકાર દ્વારા જિલ્લામાં ભૂસ્તરને લગતી કામગીરી કરવાના બદલે રેતીમાફિયાઓને ખોળે બેસી સરકારની તિજોરીને ચૂનો ચોપડતા તત્વો સાથે મિલીભગત હોવાની શંકાસ્પદ ઘટના ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા ઉજાગર કરી દેવાઈ હતી. જેમાં તાપી જિલ્લાના સરહદી વિસ્તાર નિઝરમાં ધમધમતા ગેરકાયદે રેતી ખનન પર આખરે ફ્લાઈંગ સ્કવોડે લાલ આંખ કરી છે. તાપી જિલ્લા ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગના ભેદીમૌન વચ્ચે સુરતની ટીમે મધરાતે ત્રાટકીને તાપી નદીના પટ્ટમાંથી સાદી રેતીનું બિનઅધિકૃત ખનન અને વહન કરતા વાહનોનો મોટો કાફલો ઝડપી પાડી રૂ.૧.૫ કરોડનો મુદ્દામાલ સીઝ કર્યો છે. ફ્લાઈંગ સ્કવોડના અધિકારી દિનેશકુમાર પવાયાના સીધા માર્ગદર્શન હેઠળ તપાસ ટીમના રોયલ્ટી ઈન્સ્પેક્ટર હસમુખ પટેલ, દિનેશ વૈંશ, જીગ્નેશ કોટડીયા તથા સિક્યુરિટી સ્ટાફે તા. ૮/૧૦/૨૦૨૬નાં રોજ રાત્રિના સુમારે સુલવાડા,તા. નિઝર, જિ. તાપી સ્થિત નદી પટ્ટ વિસ્તારમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ ઓપરેશન દરમિયાન સ્થળ પરથી સાદી રેતી ખનીજનું ગેરકાયદે ખનન અને વહન કરી રહેલા કુલ ૮ ટ્રેક્ટર અને ૨ ડમ્પર રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ટીમે તમામ ૧૦ વાહનો જપ્ત કરી તેની કસ્ટડી વાંકા ચેક પોસ્ટ તા. નિઝર ખાતે સોંપી દીધી છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની અંદાજિત કિંમત રૂ. ૧.૫ કરોડ આંકવામાં આવી છે. આ મામલે કસૂરવારો વિરુદ્ધ ગુજરાત મિનરલ પ્રિવેન્શન ઓફ ઈલ્લીગલ માઈનિંગ એક્ટ અન્વયે દંડકીય રકમની નોટિસો ફટકારી કડક કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાપીજીલ્લા ખાતે આવેલા ખનીજ રૂપી ભંડાર થકી સરકારને કરોડોની આવક થાય છે.પરંતુ કાયમી ભૂસ્તરશાસ્ત્રીની નિમણૂક નહીં હોવાથી જિલ્લાનું ભૂસ્તરવિભાગનું તંત્ર ખાડે ગયું છે. ઈન્ચાર્જ ભૂસ્તરશાસ્ત્રીની ગેરહજરીના કારણે તેમજ તેઓ દ્વારા મુનસફી મુજબ કરાતા વહીવટના કારણે જિલ્લામાં માટી અને રેતી ચોરીની ઘટનાઓ ખુબજ વધી ગઈ છે. જે અંગે સરકાર દ્વારા આ દિશામાં તાત્કાલિક કાયમી ભૂસ્તરશાસ્ત્રીની નિમણૂક કરાય એ જરૂરી છે.



### સ્થાનિક ભૂસ્તર વિભાગની શંકાસ્પદ ભૂમિકા

તાપી કલેકટર દેવ ચૌધરીને મળેલી ફરિયાદો અનુસંધાને કલેકટરની સૂચના હેઠળ ભૂતકાળમાં નિઝર પ્રાંત અધિકારી દ્વારા રેડ પાડી રેતી ચોરો સામે પગલાં લેવાયા હતા. ત્યારબાદ પણ તાપી જિલ્લાનું સ્થાનિક ભૂસ્તર તંત્ર સતત કુંભકર્ણ નિંદ્રામાં પોઢી રહ્યું હોવાનું આ ઘટનાએ ઉજાગર કર્યું છે. સ્થાનિક સ્તરે બેરોકટોક ચાલતા આ કાળા કારોબાર સામે સ્થાનિક ભૂસ્તર વિભાગની રહસ્યમય ચુપકીદી પાછળ ક્યુ કારણ કે રાજકીય પીઠબળ છે તેવા તીખા સવાલો હવે પંથકમાં ચર્ચાનો વિષય બન્યા છે.

# દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા આહવા ખાતે 'સ્નેક રેસ્ક્યુઅર્સ મીટ' યોજાઈ

## આહવા તાલુકાના સ્નેક રેસ્ક્યુઅર્સને અદ્યતન 'સ્નેક રેસ્ક્યુ કીટ'નું વિતરણ કરાયું

વઘઈ, તા.૧૦

ડાંગ જિલ્લામાં આહવા ખાતે વન્યપ્રાણી સપ્તાહ–૨૦૨૬ ની ઉજવણી અંતર્ગત દક્ષિણ ડાંગ વન વિભાગ હેઠળની આહવા (પૂર્વ) રેન્જ ખાતે "સ્નેક રેસ્ક્યુઅર્સ મીટ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ડાંગ જિલ્લામાં માનવ-વન્યજીવ સંઘર્ષ નિવારવા અને નિઃસ્વાર્થ ભાવે સર્પ બચાવવાની કામગીરી કરતા સ્નેક રેસ્ક્યુઅર્સ (સર્પમિત્રો)ને એક મંચ પર લાવી તેમની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાનો હતો. આ પ્રસંગે દક્ષિણ ડાંગ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક શ્રી જૈનીલ દેસાઈ, મદદનીશ વન સંરક્ષક શ્રી અંકન બોહરા, આહવા (પૂર્વ) આર.એફ.ઓ. શ્રી આરીફ ઠેબા, તથા આહવા એલ.સી.બી. પી.એસ.આઈ. શ્રી જયદીપ અનડકટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સર્પ બચાવની ઉત્કૃષ્ટ સેવાઓ આપતા સ્થાનિક રેસ્ક્યુઅર્સને સુરક્ષિત કામગીરી માટે સાપ પકડવાની આધુનિક કીટ અર્પણ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લો અદભુત અને વિશિષ્ટ પ્રાકૃતિક ધરોહર ધરાવતો વનવિસ્તાર છે. અહીં જોવા મળતી સરીસૃપ ની ઘણી પ્રજાતિઓ અત્યંત દુર્લભ છે, જે ગુજરાતના અન્ય વિસ્તારોમાં જોવા મળતી નથી. આ અણમોલ જૈવવિવિધતાને જાળવી રાખવા માટે વન વિભાગ અને સર્પમિત્રોના સહિયારા પ્રયાસોથી ગ્રામીણ વિસ્તારોમાં વ્યાપક લોકજાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં સેવા આપતા અન્ય સર્પમિત્રોનો સંપર્ક સાધી, આગામી સમયમાં સૌને સાંકળીને રેસ્ક્યુ કામગીરીને વધુ સક્ષમ, સલામત અને વૈજ્ઞાનિક ઢબે આગળ ધપાવવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો. આ કાર્યક્રમમાં આહવા પૂર્વ રેન્જનો ક્ષેત્રિય સ્ટાફ, ગ્રામ વન સુરક્ષા સમિતિના હોદ્દેદારો તેમજ વન વિભાગના રોજમદાર ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લામાં ચંદરભાઈ ગાવિત દ્વારા કપડાનું વિતરણ કરાયું

## પંદર ગામોમાં પહોંચી ચંદર ગાંવિતની એકતાની યાત્રા

વઘઈ, તા.૧૦

ડાંગ જિલ્લામાં આદિવાસી સમાજના જરૂરિયાતમંદ વર્ગની સેવા અને મહિલાઓને મદદરૂપ થતાં એવા ડાંગ જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ૩(ત્રણ) ટર્મના પૂર્વ અધ્યક્ષ શ્રી ચંદરભાઈ ગાંવિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે જીલ્લાના અંતરિયાળ ગામોમાં સાડી, ડાંગીસાડી અને ટી શર્ટ વિતરણનો સેવાકીય યજ્ઞનું આયોજન કર્યુ હતુ.



ઉલેખનીય છે કે, ડાંગ જિલ્લાના જરૂરિયાતમંદ લોકોની હરહંમેશ મદદ અને સેવા કરવામાં આગળ રહેનારા ચંદર ગાવિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ પોતાની યથાશક્તિ પ્રમાણે પોતાના સમાજના જરૂરિયાતમંદ લોકોને કપડા વિતરણ થકી મદદ કરી છે. લહાનબરડા, મોટા બરડા, સૂર્યાબરડા, દરાપાડા, ગુંદવહળ, મુરંબી, સુપદહાડ, નડગચોંડ, ઘોડવહળ, મોટામાળુંગા ,લહાનમાળુંગા, બોંડારમાળ, માનમોડી , કાંચનપાડા અને નિંબારપાડા ગામોમાં મહિલાઓને સાડી, વૃદ્ધ મહિલાઓને ડાંગી સાડી અને યુવકોને ટી શર્ટ આપ્યા.

કપડા વિતરણના સમયે મહિલાઓ સાથે આત્મીય સંવાદ સાદતા ચંદર ગાવિતે ગામની એકતા એ જ સારા સમાજનુ નિર્માણનો આઈનો છે. તો બધા એક થઈને રહો એકતામાં જ તાકત છે મારી તમને જરૂરિયાત હોય તો રાતના પણ યાદ કરો. હું તમારી સેવામાં હાજર રહીશ સંકટ આવે કે કોઈ પણ સમસ્યા ઊભી થાય મને યાદ કરો તમારા સુખ હોય કે દુઃખ મે હરહંમેશ ઉભો જ રહીશ તેમ તેમણે જણાવ્યું હતું. લોકોની વચ્ચે જઈને કરવામાં આવેલી આ સેવાકીય પહેલથી લોકોમાં ખુશી જોવા મળી હતી. તમે સવાકીય પ્રવૃતિ કરતા જ રહો તેવા આશીર્વાદ પણ લોકોએ આપ્યા હતા. તેમની સેવાથી લોકોના ચેહેરા પર સ્મિત અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ બાર વર્ષના સેવાકીય યજ્ઞમાં અત્યાર સુધી ચંદર ગાવિત દ્વારા પોતાની યથાશકિત પ્રમાણે એક લાખથી વધુના કપડાઓનું વિતરણ કરી

અનુસંધાન પાના ૭ પર

# સાંધિયેર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ઉપપ્રમુખ વિરુદ્ધ રજૂઆત

## બ્રિજેશ પટેલને હોદ્દો તથા સભ્યપદેથી ફારેગ કરવા જિલ્લા રજીસ્ટ્રાર સમક્ષ માંગ

સુરત, તા.૧૦

સુરત જિલ્લાના સાંધિયેર ગામના સાંધિયેર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડના ઉપપ્રમુખ શ્રીબ્રિજેશભાઈ ગુણવંતભાઈ પટેલ વિરુદ્ધ સહકારી કાયદાની કલમ-૯૩ હેઠળ કાર્યવાહી કરીને તેમને કમિટી સભ્યપદ અને હોદ્દા પરથી તાત્કાલિક દૂર કરવાની માંગ કરતી અરજી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત તથા સુમુલ ડેરીને રજૂઆત કરવામાં આવી છે. અરજદારો – મનોજભાઈ પ્રમોદભાઈ પટેલ, સંકેતભાઈ હરીશભાઈ પટેલ અને અજીતભાઈ મંગુભાઈ પટેલ – એ જણાવ્યું છે કે શ્રી શ્રિજેશભાઈ ગુણવંતભાઈ પટેલે સુમુલ ડેરી, સુરત પાસેથી ગુરુકુપા ડેરી ફાર્મ બનાવવા માટે બે કરોડથી વધુ રકમનું ૦% ટકા વ્યાજે ધીરાણ

અનુસંધાન પાના ૭ પર

# રવિવારે જીણ માતા સંઘ દ્વારા ઝીંગા ચુનાર યાત્રાનું આયોજન

**વ્યસન મુક્તીના સંદેશા સાથે શોભાયાત્રા નિકળશે**

સુરત, તા.૧૦

શ્રી અખિલ ભારતીય જીન માતા સેવા સંઘ, સુરત, છેલ્લા ૨૨ વર્ષથી અનોખી ઝીંગા ચુનાર યાત્રાનું આયોજન કરી રહ્યું છે. આ વર્ષે, "દીકરી બચશે તો બ્રહ્માંડનું સર્જન થશે" ના સંઘના મૂળભૂત ઉદ્દેશ્યને સમર્પિત એક મહત્વપૂર્ણ કાર્યક્રમ ઝીંગા ચુનાર યાત્રા, રવિવાર, ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ઓલપાડના ૮૦૦ વર્ષ જૂના મહાકાળી માતા મંદિર ખાતે યોજાશે.

કાર્યક્રમ વિશે ચોક્કસ માહિતી આપતા, કાર્યક્રમ સંયોજક રાજેશ કાબરાએ જણાવ્યું હતું કે આ વર્ષે, જીન સંઘની ૨૩મી ઝીંગા ચુનાર યાત્રા "દવાઓને ના કહો" અને "૧૦૦ ડાયલ કરવાના ૧૦૦ કારણો" ના રાષ્ટ્રીય ઉદ્દેશ્યોને સમર્પિત રહેશે. આ વ્યસન મુક્તિ કાર્યક્રમના ભાગ રૂપે, ભાટ ગામ પ્રાથમિક શાળા અને સાત બાળકો ગુરુકુળના આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ ડ્રગ્સ મુક્તિ પર સંદેશાઓ હાથથી લખશે અને તકતીઓ બનાવશે, જે સમગ્ર શોભાયાત્રાના માર્ગ પર લોકોને સ્વસ્થ સંદેશ આપશે.

ઉપરાંત, જાહેર જાગૃતિ લાવવા માટે સુરત ડીસીપી શ્રીમતી શૈફાલી બરવાલ દ્વારા "૧૦૦ ડાયલ કરવાના ૧૦૦ કારણો" શીર્ષકનું પોસ્ટર બહાર પાડવામાં આવશે. ગુજરાતના વર્તમાન ધારાસભ્ય શ્રી મુકેશ પટેલ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેશે. મુખ્ય મહેમાન, આરએસએસ સુરત મહાનગર સંઘચાલક શ્રી સુરેશ માસ્ટર, દેવી મહાકાળીને ૧૦૮ મીટર લાંબી ચુનરી અર્પણ કરશે. પ્રથમ ધ્વજ વિશ્વ હિન્દુ પરિષદ સુરત

અનુસંધાન પાના ૭ પર



### સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા

# વીર જવાનો સાથે સતત ૮ માં વર્ષે દિવાળી ના તહેવારો ની ઉજવણી કરવામાં આવશે

સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા ભારત પાક જમ્મુ બોર્ડર ની મુલાકાત લેવામાં આવી સરદાર પટેલ ની ૧૫૧ મી જન્મ જયંતિ નિમિતે સરદાર પટેલ ની પ્રતિમા નું અનાવરણ કરીને આપડા વીર જવાનો સાથે સતત ૮ માં વર્ષે દિવાળી ના તહેવારો ની ઉજવણી કરવામાં આવશે

સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા આજરોજ ભારત પાક જમ્મુ બોર્ડર ની મુલાકાત લેવામાં આવી હતી

આ અંગે માહિતી આપતા સંસ્થા ના પ્રમુખ શ્રી ઘનશ્યામ બિરલા એ જણાવ્યું હતું કે આપડી રાત દિવસ જીવના જોખમે રક્ષા કરતા આપડા બહાદુર જવાનો સાથે ભારત પાક ની વિવિધ બોર્ડર પર દિવાળી ના તહેવારો ની સતત ૮ માં વર્ષે ઉજવણી કરવા માટે જમ્મુ મ્જીહ્મ કેમ્પસ ના ડી આય જી કુલવંતરાય



શર્મા(પીએસઓ) સાથે મુલાકાત લેવામાં આવી હતી જેમાં આવતી ૩૧ ઓક્ટોબર ના રોજ સરદાર પટેલ ની ૧૫૧ મી જયંતી નિમિતે જમ્મુ કેમ્પસ માં સરદાર પટેલ ની પ્રતિમા નું અનાવરણ કરીને કેમ્પસ તેમજ અલગ અલગ બોર્ડર પર નાં૧૦૦૦ જવાનો સાથે મીઠાઈ તેમજ ગિફ્ટ આપી ને દિવાળી ના તહેવારો ની ઉજવણી કરવામાં આવશે તેમજ સંસ્થા દ્વારા આપડા બહાદુર જવાનો ની સાથે પારિવારિક ભાવના સાથે વિચાર ગોષ્ઠી કરવામાં આવશે

આ મુલાકાત દરમિયાન સંસ્થા દ્વારા જમ્મુ સેક્ટર ના ભારત પાક બોર્ડર ની સુરક્ષા સંભાળતા અધિકારી ઓનું સાડી તેમજ મીઠાઈ અને સ્મૃતિ ચિન્હ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું આ બોર્ડર ટૂર માં સંસ્થા ના ટ્રસ્ટી શ્રી ચેતન ભાલાળા તેમજ દુર્લભ નસિત સાથે જોડાયા હતા

# નવચેતન અદાણી વિદ્યાલયે 'વિશ્વ ટપાલ દિવસ' નિમિત્તે વિદ્યાર્થીઓ માટે પત્રલેખન પ્રવૃત્તિનું આયોજન કર્યું

હજીરા, સુરત, ૦૯ ઓક્ટોબર, ૨૦૨૬: વિદ્યાર્થીઓમાં પરંપરાગત પત્રલેખન પ્રત્યે રુચિ કેળવવા અને ડિજિટલ યુગમાં ટપાલ સેવાની ઉપયોગિતા સમજાવવાના આશયથી જુનાગામ સ્થિત નવચેતન અદાણી વિદ્યાલય ખાતે 'વિશ્વ ટપાલ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ શૈક્ષણિક પ્રવૃત્તિમાં શાળાના ધોરણ ૩ અને ૪ ના વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા સુંવાલી પોસ્ટ ઓફિસના બ્રાન્ચ પોસ્ટ માસ્ટર શ્રીમતી જીનલબેન પટેલે ભારતીય ટપાલ વિભાગના ઈતિહાસ અને આધુનિક ગ્રાહકલક્ષી સેવાઓ વિશે વિદ્યાર્થીઓને સરળ શૈલીમાં માર્ગદર્શન આપ્યું હતું. પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ પોસ્ટલ ટિકિટો, સરનામું લખવાની રીત અને બચત યોજનાઓ સહિત પોસ્ટ ઓફિસની પ્રવૃતિની પ્રક્રિયા સમજાવવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓએ પોસ્ટકાર્ડ મેળવી પોતાના માતા-પિતાને સંબોધીને સ્નેહપત્ર લખ્યા હતા અને શાળા પરિસરમાં રાખેલી ટપાલપેટીમાં સ્વહસ્તે પોસ્ટ કર્યા હતા. આ કાર્યક્રમનો હેતુ નવી પેઢીને ડિજિટલ સંચાર ઉપરાંત લાગણીઓ વ્યક્ત કરવાના આ પરંપરાગત અને સચોટ માધ્યમથી પરિચિત કરાવવાનો છે, જેથી તેમનામાં વ્યવહારુ કૌશલ્યોનો વિકાસ થાય.

# સુરેન્દ્રનગરની હોસ્પિટલો ઉજવશે 'સેવાદિવસ'

હાસ્યસમ્રાટ પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદીનો માનવતાવાદી સેવાયજ્ઞ: ૯ વર્ષમાં ?૨૯ કરોડથી વધુનું અનુદાન આપી રચ્યો નવો કીર્તિમાન, ૫૯મા જન્મદિવસે સુરેન્દ્રનગરની હોસ્પિટલો ઉજવશે 'સેવાદિવસ'

દેશ -વિદેશમાં ગુજરાતનું નામ રોશન કરનાર જાણીતા હાસ્ય કલાકાર અને લોકલાડીલા સાહિત્યકાર પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદીએ સમાજસેવા ક્ષેત્રે એક અનોખો અને પ્રેરણારૂપ આદર્શ સ્થાપિત કર્યો છે. પોતાના વનપ્રવેશ નિમિત્તે જીવનની તમામ આવક લોકકલ્યાણ અર્થે અર્પણ કરવાનો સંકલ્પ લઈને શરૂ થયેલી આ અવિરત સેવાયાત્રાને આગામી ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક ૯ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, જે નિમિત્તે તેમના દ્વારા નવમા વર્ષનું ''સેવાનું સરવૈયું'' સોફ્ટ કોપી સ્વરૂપે જાહેર કરવામાં આવ્યું છે. આ સેવાયાત્રામાં માત્ર નવમા વર્ષ દરમિયાન જ રેકોર્ડબ્રેક દસ કરોડ રૂપિયાની માતબર રકમનું સેવાકાર્ય કરવામાં આવ્યું છે, જેના પરિણામે છેલ્લા નવ વર્ષની તેમની કુલ સેવા રકમનો આંકડો ૨૯ કરોડ રૂપિયાને પણ પાર કરી ગયો છે. આગામી તા. ૧૨/૧૦/૨૦૨૬ના રોજ



ડૉ. જગદીશ ત્રિવેદીના ૫૯મા જન્મદિવસ નિમિત્તે સુરેન્દ્રનગરની સી. યુ. શાહ મેડિકલ કોલેજ અને શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ દ્વારા આ દિવસને વિશેષ રૂપે ''સેવાદિવસ'' તરીકે ઉજવવામાં આવશે. આ ભગીરથ સિદ્ધિ બદલ ડૉ. ત્રિવેદીએ જણાવ્યું હતું કે નવ વર્ષની આ સમગ્ર યાત્રામાં તમામ સ્નેહીજનો, શુભેચ્છકો અને સહયોગીઓનો સાથ-સહકાર અત્યંત નોંધપાત્ર રહ્યો છે, જેના માટે તેઓ સૌનો હૃદયપૂર્વક આભાર માની આ સેવાકાર્યને અવિરત આગળ ધપાવવાની ભાવના વ્યક્ત કરે છે.

અહેવાલ: પ્રભુદાસ પટેલ

# નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

- ત્રિફળા ચૂર્ણ ૧૦૦ ગ્રામ તથા વરિયાળી ૧૦૦ ગ્રામ મેળવી સવાર સાંજ ૧ ચમચી પાણી અથવા ઘી સાથે લેવાથી આંખોની દૃષ્ટિ વધે છે.
- ક્યારેક આંખમાં દૂધ, કચરો, ચૂનો કે આંકડાનું દૂધ પડે તેથી થતી બળતરામાં આંખમાં દિવેલ આંજવાથી આરામ થાય છે.
- આંખમાં ચૂનો કે એસિડ પડ્યું હોય તો આંખની અંદર અને બહારથી ઘી ઘસવાથી શાંતિ થાય છે.
- આંખ લાલ રહેતી હોય તો આંખમાં ઘી આંજવાથી રતાશ દૂર થાય છે.
- રોજ તાજું માખણ ખાવાથી આંખનું તેજ વધે છે. આંખોની રતાશ અને બળતરા મટે છે.
- આંખની બળતરામાં આંખની અંદર અને બહાર માખણ લગાડવાથી બળતરા મટે છે.
- ધાણા, વરિયાળી અને સાકર સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવી રોજ જમ્યા પછી પાણી સાથે લેવાથી આંખની બળતરા, આંખમાંથી પાણી પડવું, લાલ આંખ રહેવી, આંખે અંધારા આવવા જેવાં દર્દો મટે છે.
- ધોળાં મરીને દહીંમાં અથવા મધમાં ઘસીને સવાર-સાંજ આંજવાથી રતાંધળાપણું મટે છે.
- મરીને પાણીમાં ઘસીને આંજણી ઉપર લેપ કરવાથી આંજણી જલદી પાકીને ફૂટી જાય છે.





- બકરીના દૂધમાં લવિંગ ઘસીને આંખોમાં આંજવાથી રતાંધળાપણું મટે છે.
- સાકર અને ઘી સાથે જીરાનું ચૂર્ણ ચાટવાથી રતાંધળાપણું મટે છે.
- કાંદાના રસમાં થોડું મીઠું મેળવીને તેનાં ટીપાં આખમાં નાખવાથી રતાંધળાપણું મટે છે.
- પાકાં ટામેટાંનો રસ સવાર-સાંજ પીવાથી આંધળાપણામાં ખૂબ ફાયદો થાય છે.
- આંખમાં ચીપડા, બાઝતા હોય તો કાંદાના રસમાં સાકર, ખડી સાકર ઘસીને રાત્રે ૨-૨ ટીપાં આંખમાં નાખવાથી આરામ થાય છે.
- સરગવાના પાનના રસમાં મધ મેળવી આંખમાં આંજવાથી આંખના દરેક પ્રકારના રોગો મટે છે. અને આંખનું તેજ વધે છે.
- આંખમાં ઠંડા પાણીની છાલક દરરોજ સવાર-સાંજ મારવાથી આંખોની ગરમી દૂર થાય છે અને આંખનું તેજ વધે છે.
- કોથમીરનો રસ કાઢી, ચોખ્ખા કપડાથી ગાળી, તેનાં બબ્બે ટીપાં આંખમાં નાખવાથી દુઃખતી આંખો સારી થાય છે. ખીલ, ફૂલું, છારી વગેરે મટે છે. ચશ્માનાં નંબર ઊતરે છે.
- મધ અને સરગવાનાં પાનનો રસ આંખમાં નાંખવાથી આંખના બધા રોગો મટે છે.
- નાગરવેલના પાનનો રસ આંખમાં નાખવાથી દુઃખતી આંખો સારી થાય છે.
- જીરાનું ચૂર્ણ રોજ ફાંકવાથી આંખોની ગરમી ઓછી થાય છે.
- ધાણાને પાણીમાં પલાળી રાખી, મસળી, ગાળી, તે પાણીથી આંખો ધોવાથી દુઃખતી આંખો સારી થાય છે.
- શુદ્ધ મધ અને ખાખરાનો અર્ક સરખે ભાગે લઈ, બરાબર એકરસ કરી, બાટલીમાં ભરી રાખો, રોજ રાત્રે સૂતી વખતે બે-ત્રણ ટીપાં આંખમાં નાખવાથી ચશ્માનાં નંબર ઘટે છે.
- અધકચરા ત્રિફળા ચૂર્ણને રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે ગાળી, તે પાણી આંખમાં છાંટવાથી આંખોનું તેજ વધે છે.
- સાકરને પાણીમાં ઘસી તે ઘસારો સવાર-સાંજ આંખમાં આંજવાથી આંખોનાં ફૂલાં મટે છે, આંખ સ્વચ્છ થાય છે અને આંખોનું તેજ વધે છે.
- આંખ આવેલી હોય તો લીબુનો રસ, મધ, ફટકડી વાટી લગાડવાથી ઘણી રાહત થાય છે.
- સફેદ કાંદાનો રસ મધમાં મેળવીને આંખમાં નાખવાથી દુઃખતી આંખ સારી થાય છે અને આંખનું તેજ વધે છે.
- હળદર, ફટકડી અને આમલીનાં પાન સરખા પ્રમાણમાં લઈ, તેને વાટી, પોટલી કરી, ગરમ કરીને આંખે શેક કરવાથી આંખોની રતાશ અને બળતરા મટે છે.
- સાકર અને તેનાથી ત્રણ ગણા ધાણા લઈ, બંનેનું ચૂર્ણ કરી, ઉકાળી, ઠંડુ થાય ત્યારે કપડાંથી ગાળી, બાટલીમાં ભરી લેવું. એ પાણી બબ્બે ટીપાં દરરોજ સવાર - સાંજ આંખમાં નાખવાથી દુઃખતી આંખો સારી થાય છે.
- તેલ વગરની તુવેરની દાળ, પાણી સાથે પથ્થર પર ઘસી આંખમાં આંજવાથી આંખનું ફૂલું અને જાળું મટે છે.

# બીમારીને કારણે નથી ખવાતું ને નથી ખાતાં એ જ બીમારી છે?

આપણા સમાજમાં એક વિચિત્ર માનસિકતા પ્રવર્તે છે. સામાન્ય રીતે કોઈ પાતળું હોય તો કહેશે, 'કેમ તને ઘરમાં ખાવા નથી આપતાં?' બીજી તરફ બધાને ફિલ્મનો હીરો હીરોઈન તો સ્લિમ એન્ડ ટ્રિમ જ જોઈએ!! પણ એક સ્થિતિ એવી છે, જેમાં ખાવું ન હોય, એ પોતે જ એક બીમારી હોય છે. ચાલો, તેના વિશે જાણીએ.

આપણે જેના વિશે વાત કરી રહ્યાં છીએ તે છે એનોરેક્સિયા નર્વોસા (Anroexia nervosa ). જોકે, તેને બીમારી કહેવાને બદલે વિકાર કહેવો વધુ યોગ્ય છે. એનોરેક્સિયા નર્વોસા એ ખાવા-પીવાને લગતી એક વિકૃતિ અને માનસિક સ્વાસ્થ્યની સ્થિતિ છે જે તમને તમારા ખોરાકના પ્રમાણને મર્યાદિત કરવા પ્રેરે છે. એનોરેક્સિયાથી પીડાતી વ્યક્તિઓ તેમના શરીરનું વજન શક્ય તેટલું ઓછું રાખવા માટે ખોરાકનું પ્રમાણ ઘટાડી દે છે.

તેમને સતત એ ભય હોય છે કે ક્યાંક મારૂં વજન વધી તો નહીં જાય ને? એનોરેક્સિયા (Anroexia)નો અર્થ ખાવાની ઈચ્છા ન થવી એવો થાય છે, પરંતુ આ સ્થિતિ તેના કરતાં ઘણી વધારે ગંભીર છે. તે માનસિક સ્વાસ્થ્યને લગતી એક સિરિયસ સમસ્યા છે, જે ખાવા-પીવા, વજન અને શરીરના દેખાવ (બોડી ઈમેજ) વિશેના નકારાત્મક વિચારો અને લાગણીઓમાંથી ઉદ્ભવે છે. વજન વધતું અટકાવવા અથવા વજન ઘટાડવાનું ચાલુ રાખવા માટે,



વ્યક્તિ જ્યારે ખોરાક માર્યાદિત કરી નાખે, વજન સમતોલ રાખવા વધુ પડતી કસરત કર્યા કરે તેને પ્રતિબંધિત એનોરેક્સિયા (રિસ્ટ્રીકટેડ એનોરેક્સિયા) કહે છે. બીજો પ્રકાર છે, બિંજ-પર્જ એનોરેક્સિયા, જેમાં થોડા સમયમાં જેટલું ખાવું હોય તેટલું ખાઈ લેવું, જેને અંગ્રેજીમાં બિન્જઈટિંગ કહે છે અથવા વ્યક્તિ અંગ્રેજીમાં પરજીંગ એટલેકે શદ્ધીકરણ કરવાનો પ્રયત્ન કરે છે.

શુદ્ધીકરણનો અર્થ ઊલટી, રેચકનો ઉપયોગ જેથી વજન ન વધે. ત્રીજો એક પ્રકાર છે, જેમાં વ્યક્તિનું વજન સામાન્ય હોય છે, તેમ છતાં તે ઓછો ખોરાક લે છે. આવા સમયે એનોરેક્સિયા ઓળખવું મુશ્કેલ બને છે.

વૈજ્ઞાનિકોના અભ્યાસ મુજબ એનોરેક્સિયા ધરાવતા લોકોના મગજમાં થોડો તફાવત જોવા મળે છે. ઉદાહરણ તરીકે, સેરોટોનિન અને ડોપામાઈનનું સ્તર અલગ અલગ હોઈ શકે છે. આ ભૂખ, મૂડ અને આવેગ નિયંત્રણને અસર કરી શકે છે. જો પરિવારમાં એનોરેક્સિયાનો ઈતિહાસ હોય તો તેની અસર રૂપે પણ એનોરેક્સિયા હોઈ શકે. આનો અમુક હિસ્સો તમારા જનીનોમાં હોઈ શકે છે. તેનો અમુક હિસ્સો પરિવારના વર્તનને જોઈને શીખેલાં હોઈ શકે છે.ઘણા લોકો મિત્રો, સંસ્કૃતિ, સોશ્યલ મીડિયા કે નોકરીના દબાણને કારણે પોતાના શરીર અને દેખાવ વિશે વધુ પડતા ચિંતિત કે સભાન બની જાય છે. કિશોરો ઘણીવાર આ દબાણ સૌથી વધુ અનુભવે છે. દેખાવ બાબતે તેઓ પોતાની જાત પ્રત્યે પ્રત્યે ખૂબ કઠોર બની શકે છે. શરીરના વજનને કારણે આત્મ-સન્માન ઓછું હોવું અથવા એવું માનવું કે તમારું મૂલ્ય તમારા શરીરના વજન પર આધારિત છે, તેનાથી ઈટિંગ ડિસઑર્ડર વિકસી શકે છે. આમાં સામાજિક આઘાત, શોષણ અને ધાકધમકી (બુલિંગ) જેવાં પરિબળો પણ કારણભૂત બની શકે છે.

કુપોષણ આપણા શરીરના લગભગ દરેક અંગ અને પેશીને અસર કરી શકે છે. એનોરેક્સિયામાંથી સાજા થયા પછી પણ અંગોને થયેલું ગંભીર નુકસાન કદાચ કાયમી હોઈ શકે છે. એનોરેક્સિયા આપણા માનસિક સ્વાસ્થ્ય માટે પણ વિનાશક સાબિત થઈ શકે છે. સારવાર શરૂ થયા પછી પણ આ અસરોમાંથી બહાર આવવામાં સમય લાગી શકે છે. એનોરેક્સિયાની સારવાર ન કરાય તો ઘણા નુકસાન થઈ શકે છે. હાડકાના જથ્થાનું અને દાંતના ઈનેમલનું નુકસાન, કિડની અને લીવરને નુકસાન, હૃદય નિષ્ફળતા, બાળકોમાં વિકાસમાં વિલંબ, પુખ્ત વયના લોકોમાં વંધ્યત્વ, જાતને નુકસાન પહોંચાડવું અને આત્મહત્યાના વિચારો વગેરે સમસ્યાઓ જોવા મળી શકે છે.

શારીરિક દેખાવ બાબતે વધારે પડતી સભાનતા અને ચિંતા, લાંબા સમય સુધી એક સાથે કસરત કરવી (ખાસ કરીને ખાધા પછી), જાડા હોવાની ફરિયાદ કરવી, ભૂખ દબાવતી દવાઓ, રેચક અથવા મૂત્રવર્ધક દવાઓનો વધુ પડતો ઉપયોગ, વારંવાર વજન જોયા કરવું, સમાજથી દૂર રહેવું અથવા શોખમાં રસ ગુમાવવો જેવાં ભાવનાત્મક લક્ષણો જોવા મળી શકે.શારીરિક લક્ષણોમાં વજનમાં નોંધપાત્ર ઘટાડો અથવા વજન ન વધવું (બાળકો કે કિશોરોમાં), અત્યંત પાતળો કે નબળો દેખાવ, હંમેશાં ઠંડી લાગવી, થાક કે ઊર્જાનો અભાવ, અનિયમિત માસિક કે માસિક ન આવવું, માનસિક મૂંઝવણ કે સ્પષ્ટ રીતે વિચારી ન શકવું, ચક્કર આવવાં, શરીરમાં પાણીની અછત (ડિહાઈડ્રેશન), હૃદયના ધબકારા ધીમા પડવા, વાળ પાતળા થવા, વાળ ઝડપથી ખરવા વગેરે.આની સારવાર તે વ્યક્તિની વિશિષ્ટ જરૂરિયાતો મુજબ કરવામાં આવે છે. એનોરેક્સિયાથી પીડાતી વ્યક્તિની સારવારમાં સૌથી મોટો પડકાર એ છે કે તેમને એ વાત સમજવામાં અને સ્વીકારવામાં મદદ કરવી કે તેઓ એક ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા છે.આપણે સહુએ એ યાદ રાખવું જરૂરી છે કે ન ખાવું, અથવા ઓછું ખાવું એ વજન સમતોલ કરવાનો સાચો રસ્તો નથી. નિષ્ણાતો પાસેથી ખોરાકમાં ફેરફાર કરવો અને યોગ અથવા અન્ય કસરતો કરીને, રોજિંદા જીવનમાં શારીરિક પ્રવૃત્તિઓ વધારીને વધારાની કેલરી કે ચરબીને બાળવી એ બહેતર અને બેસ્ટ વિકલ્પ છે.




# વેસુમાં ૧૧ ઓક્ટોબરથી રામલીલાનો ભવ્ય પ્રારંભ, ૨૦મીએ રાવણ દહન

### વી.આઈ.પી. રોડ પર ૬૫ ફૂટના રાવણ સાથે કુંભકર્ણ અને મેઘનાદનાં પૂતળાંનું દહન; રામબારાત, દિવ્ય રાસલીલા અને હાસ્ય કવિ સંમેલન મુખ્ય આકર્ષણ

સુરત.શ્રી આદર્શ રામલીલા ટ્રસ્ટ દ્વારા વેસુ સ્થિત એસએમસીના રામલીલા મેદાનમાં (રિલાયન્સ માર્કેટની સામે) ૧૧થી ૨૪ ઓક્ટોબર દરમિયાન ભવ્ય રામલીલા મહોત્સવનું આયોજન કરવામાં આવશે. દરરોજ રાત્રે ૮થી ૧૧ વાગ્યા સુધી વૃંદાવનના રસાચાર્ય શ્રી ત્રિલોક ચંદ શર્માની મંડળી દ્વારા રામલીલાનું મંચન કરવામાં આવશે. મંડળીમાં આશરે ૩૫ કલાકારો અને સંગીતકારો સામેલ થશે.ટ્રસ્ટના અધ્યક્ષ રતન ગોયલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ વર્ષે એલઈડી સ્ક્રીન સાથે અયોધ્યાના રામમંદિરમાં સ્થાપિત શ્રીરામજીની પ્રતિમાની પ્રતિકૃતિ અને હનુમાનજીની ઝાંખી મુખ્ય આકર્ષણ રહેશે. દશેરાના અવસરે ૬૫ ફૂટ ઊંચા રાવણ તેમજ ૫૫-૫૫ ફૂટના કુંભકર્ણ અને મેઘનાદનાં પૂતળાંનું દહન કરવામાં આવશે.

૧૪ ઓક્ટોબરે ભવ્ય રામબારાત નીકળશે

૧૪ ઓક્ટોબરે સાંજે ૪ વાગ્યે ન્યૂ સિટી લાઈટ સ્થિત શ્રી મહેંદીપુર બાલાજી મંદિરથી રામબારાત શરૂ થશે. રાજહંસ જિયોન, કેનાલ રોડ, વ્હાઈટ લોટસ સ્કૂલ અને સોમેશ્વરા એન્ક્લેવ થઈને રામલીલા મેદાન પહોંચશે. બૅન્ડ-બાજા, રોશની, ઝૂમર અને વિવિધ ચલિત ઝાંખીઓ સાથે ભગવાન શ્રીરામ ભાઈઓ સહિત વરરાજાના સ્વરૂપમાં રથ પર બિરાજમાન થઈ ભક્તોને દર્શન આપશે. માર્ગમાં વિવિધ સોસાયટીઓના પરિવારો દ્વારા આરતી અને સ્વાગત કરવામાં આવશે.

૨૦મીએ વી.આઈ.પી. રોડ પર રાવણ દહન

૨૦ ઓક્ટોબરે સાંજે ૬ વાગ્યે વી.આઈ.પી. રોડ પર એસએમસીના બસ ડેપો પ્લોટમાં ભવ્ય આતશબાજી સાથે રાવણ દહન કરવામાં આવશે. ૨૧ ઓક્ટોબરે શ્રીરામજીના રાજ્યાભિષેક, ૨૨ ઓક્ટોબરે દિવ્ય રાસલીલા અને ૨૪ ઓક્ટોબરે હાસ્ય કવિ સંમેલન સાથે મહોત્સવનું સમાપન થશે.

કવિ સંમેલનમાં તેજનારાયણ શર્મા, સુદીપ ભોલા, દિનેશ દિગ્ગજ, દીપાલી જૈન અને સંજય ખત્રી હાસ્ય-વ્યંગ્ય તથા હાસ્ય પેરોડીની રજૂઆત કરશે.

પત્રકાર પરિષદમાં ટ્રસ્ટના ઉપપ્રમુખ પ્રહલાદકુમાર અગ્રવાલ, પ્રમોદ બંસલ, કૃષ્ણકુમાર અગ્રવાલ, સુશીલ બંસલ, મંત્રી અશોક જૈન, ખજાનચી અજય બંસલ, લીલા મંત્રી ગણેશ ચંગોઈવાલા, સહમંત્રી સુદર્શન માતનહેલિયા અને લીલા આયોજન મંત્રી અંશુ પંડિત ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ... -

**શનિવાર, તા. ૧૦ ઓક્ટોબર ૨૦૨૬**

# દ. આફ્રિકી મહિલાને નોબેલ : શાંતિની વૈશ્વિક શક્તિ

શાંતિ માટેનો વૈશ્વિક પારિતોષિક દક્ષિણ આફ્રિકાના કોઈ વ્યક્તિત્વને મળે, તેમાં કદાચ આશ્ચર્ય ન હોય અને એ વ્યક્તિત્વનું મૂળ વળી ભારત હોય, તો તો આ પુરસ્કાર પાક્કો સમજીએ કારણ કે, જગત આખાને શાંતિનો સંદેશ આપનાર, માનવતાનો મહિમા સમજાવતા વિભૂતિઓ પૈકી એક એવા ગાંધીજીએ આ જ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ નામની વિભાવનાનો આવિષ્કાર કર્યો હતો. શાંતિ માટેના નોબેલ પુરસ્કારની જાહેરાત થઈ છે અને આ વર્ષે તે આફ્રિકામાં વસતા પ્રખ્યાત ન્યાય શાત્રી, સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકારના પૂર્વ હાઈ કમિશનર નવાનેથમ 'નવી' પિલાઈને આપવામાં આવ્યો છે. તેઓ મૂળ તમિલ છે. ૧૮૯૦માં તેમના દાદા-દાદી તામિલનાડુથી દક્ષિણ આફ્રિકા ગયા હતા. આ વર્ષે પણ ડોનાલ્ડ ટ્રમ્પ શાંતિ માટેનો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવી શક્યા નથી તે તો બરાબર છે, પરંતુ છેલ્લા ચાર વર્ષમાં નવી પિલાઈ આ પુરસ્કાર મેળવનારાં ત્રીજા મહિલા છે. વૈશ્વિક શાંતિ અને ન્યાયની લડતમાં મહિલાઓનાં યોગદાન અને સાતત્યપૂર્ણ પ્રયાસોને નોબેલ સમિતિ પ્રાથમિકતા આપી રહી છે તેનો આ પુરાવો છે. વર્ષ ૨૦૨૩માં ઈરાનના નારગેસ મોહમ્મદીને મહિલા અત્યાચાર સામેની લડત માટે નોબેલ પુરસ્કાર અપાયો હતો. પરમાણુ શત્રમુક્ત વિશ્વ માટે કામ કરવા બદલ ૨૦૨૪માં નિહોન હિડાંક્યો નામના જાપાની સંગઠનને નોબેલથી સન્માનિત કરાયું હતું અને ૨૦૨૫માં વેનેઝુએલાના મારિયા મચાડો નોબેલ પુરસ્કાર પામ્યા હતા. વિશ્વ શાંતિની લડાઈમાં ત્રી શક્તિ બરાબર કામે લાગી છે એ અહીં સાબિત થઈ રહ્યું છે. આ વર્ષે જેમને નોબેલ પુરસ્કાર માટે પસંદ કરાયા છે તે નવા નેથમ પીલાઈ જીવનપર્યંત માનવ અધિકારના રક્ષણ, રંગભેદનું દૂષણ તથા પીડિતોના અધિકાર માટે લડતા આવ્યા છે. અહીં સૌથી વધારે ઉલ્લેખનીય બાબત એ છે કે, શાંતિ એટલે યુદ્ધ વિરામ, શત્ર વિરામ નહીં, શાંતિ એટલે લડાઈ કરી રહેલા બે કે વધારે દેશ વચ્ચે મંત્રણા કરાવવી તેટલું જ નહીં, પરંતુ વિશ્વમાં માનવ અધિકારની સમાન ધોરણે સ્થાપના, લોકશાહી મૂલ્યોનું માહાત્મ્ય. આ ત્રણ મહિલા અને એક સંગઠને ભિન્નભિન્ન દેશોમાં અલગ અલગ સમયે આ કામ કર્યું છે. નવી પિલાઈ રંગભેદ વિરોધી આફ્રિકન આંદોલનથી શરૂ કરી આંતરરાષ્ટ્રીય ક્રિમીનલ કોર્ટ સુધી સક્રિય રહ્યા છે. ન્યાય પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા અને શ્રદ્ધા તેમણે દાખવ્યા છે. પ્રતાડીત વર્ગો શરણાર્થીઓ અને મહિલાઓના અધિકારો માટે તેમણે બતાવેલી જાગૃતિનું આ પરિણામ છે. પુરસ્કાર ન મળે તેવા અનેક લોકો પણ આ દિશામાં કામ કરી રહ્યા છે, પરંતુ શાંતિ ક્ષેત્રે નોબેલ પારિતોષિક માટે મહિલા કે અન્ય કોઈ પણની પસંદગી થાય તેનાથી અનેક લોકોને પ્રેરણા મળી શકે. ઈરાનના નારગેશ હોય કે વેનેઝુએલાના મારિયા કે પછી આ પિલાઈ આ તમામે સરમુખત્યારશાહી, અત્યાચાર અને અન્યાય સામે બુલંદ અવાજ ઊઠાવ્યો છે અને દમનનો સામનો લોખંડી મનોબળથી કરીને સત્તાને ખુલ્લો પડકાર ફેંક્યો છે. સત્ય અને ન્યાયના માર્ગે મક્કમ રીતે ચાલવાથી અડગ રીતે ઊભા રહેવાથી પરિણામ મેળવી શકાય છે તેવું પણ આ તમામની દાસ્તાન ઉપરથી કહી શકાય. વાત શાંતિ પુરસ્કારની છે, ત્યારે કવિ ઉમાશંકર જોષીનું સ્મરણ થાય, વિશ્વશાંતિમાં તેમણે લખ્યું છે : વહાવો આત્મશુદ્ધિની ગંગધારા શુભમ્ કરી જીવશે જે ટકી રહેશે પ્રેમને પાવકે જળી

# ઉલ્લેખનીય અઢી દાયકો

રાજનીતિનાં માધ્યમથી દેશ માટે કામ કરવાનું નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કર્યાંને ૨૫ વર્ષ પૂર્ણ થઈ ગયાં છે. આ અઢી દાયકાની અવધિમાં અનેક પરિપ્રેક્ષ્ય, વિવિધ દૃષ્ટિકોણથી મૂલ્યાંકન થઈ રહ્યું છે. અલબત્ત, આ વર્ષે આ અવસરની ઉજવણીને થોડી ઝાંખપ લાગી છે. દેશમાં ચાલી રહેલાં આંદોલનોની આંધી વચ્ચે આ ૨૫મું વર્ષ થોડું ધૂંધળું દેખાઈ રહ્યું છે. જો કે, ૨૫ વર્ષનો હિસાબ એક કે બે આંદોલનના ઉધાર પાસાથી કરવો જોઈએ નહીં અને ૨૫ વર્ષની સિદ્ધિઓને કારણે આંદોલનોની અવગણના પણ રાજકીય ઈતિહાસ લખનારાઓ કરશે નહીં તેવું આજે કહી શકાય. કોઈ પણ શાસનકાળ અને શાસકનું મૂલ્યાંકન વિવિધ સ્તરે થાય, પરંતુ અહીં એક વાત નિશ્ચિત છે કે, ગુજરાતને ભારતના ઈતિહાસમાં આ ૨૫ વર્ષ ઉલ્લેખનીય તો રહેશે જ. ૧૯૯૫માં ગુજરાતમાં ભાજપે પૂર્ણ બહુમત સાથે સરકારની રચના કરી, ત્યારથી તેની ઊર્ધ્વગતિ રહી છે. પક્ષમાં આંતરિક અસ્થિરતા અનેક વખત જોવા મળી, પરંતુ રાજકીય રીતે ભાજપ સતત મજબૂત બન્યો. ૨૦૦૧ના ઓક્ટોબર માસમાં ગુજરાતની સત્તા નરેન્દ્રભાઈ મોદીના હાથમાં આવી. એ વર્ષની શરૂઆતમાં ગુજરાતને ધ્રુજાવી જનારા ભીષણ ધરતીકંપ પછી રાજ્ય બેઠું થઈ રહ્યું હતું ત્યાં જ કોમી દાવાનળે ગુજરાતને દઝાડયું. અનેક દૃષ્ટિએ પ્રશ્નો ઘણા હતા, પરંતુ ૨૦૦૧થી ૨૦૧૪નાં વર્ષમાં ગુજરાતમાં મોદી અવધિ ગણાયા. ઉદ્યોગ, પ્રવાસન સહિતનાં ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર નામના મેળવી. ગુજરાત મોડેલ શબ્દ દેશભરમાં વહેતો થયો. વાઈબ્રન્ટ ગુજરાત કે પછી સરદાર સાહેબની પ્રતિમા જેવા પ્રકલ્પો સહિતનાં અનેક સીમાચિહ્નો બનતાં રહ્યાં સમાંતરે નરેન્દ્રભાઈની આલોચના પણ થતી રહી. ૨૦૧૪માં તેઓ દેશના વડાપ્રધાન બન્યા. રાષ્ટ્રીય ફલકના માધ્યમથી આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની નોંધ લેવાતી થઈ. વિશેષતઃ આતંકવાદ સામેની લડાઈને તેમણે વૈશ્વિક સ્તરે ભારતનો એજન્ડા બનાવી. દેશમાં કલમ ૩૭૦ની નાબૂદી પણ તેમના શાસનનો નોંધપાત્ર નિર્ણય રહ્યો, સામે યુસીસી જેવા મુદ્દા વિવાદોમાં રહ્યા. મોદી સરકારની આર્થિક નીતિ વિશે પણ ભિન્ન મતો સતત વ્યક્ત થતા રહ્યા છે. આતંકવાદી હુમલા આ ૧૨ વર્ષ દરમિયાન પણ થયા સામે ઉરીથી લઈને સિંદૂર સુધી જવાબો પણ અપાયા. નરેન્દ્રભાઈના પ્રશંસકો કરોડોમાં છે, તો આલોચકો પણ હજારો છે અને આ બન્નેની વચ્ચે તેમની આ યાત્રા ચાલુ રહી છે. સૌરાષ્ટ્ર માટેની સૌની યોજના જેવી યોજના હોય કે પછી દેશના અંતરીક્ષ ક્ષેત્રની પ્રગતિ હોય. આ ૨૫ વર્ષ નિર્ણાયક રહ્યાં. જાહેર જીવનમાં નરેન્દ્રભાઈ તે પહેલાં પણ હતા. આરએસએસના પ્રચારક, ભાજપના સંગઠનના હોદ્દેદાર રહ્યા હતા. આ અઢી દાયકા તેઓ શાસકમાં રહ્યા છે. આજે જ્યારે આ અઢી દાયકાનો સમય વીત્યો છે, તે વેળાએ પણ કસોટીકાળ તો છે જ દિલ્હીમાં બે માસ પહેલાં યુવાનો પરીક્ષા સંદર્ભે આંદોલન કરી રહ્યા હતા. આજે ફિલ્મ અભિનેતાઓ, બૌદ્ધિકો અને મુખ્ય વિપક્ષ કોંગ્રેસ ચૂંટણીપંચની કાર્યવાહી સામે જંગે ચડયા છે. આ લડાઈ કદાચ ભાજપની ધારણાથી વધારે મોટી થઈ ગઈ છે. વડાપ્રધાન અને સરકાર પોતાનો અત્યાર સુધીનો પરિશ્રમ અને પ્રયાસોનું પરિણામ ભવિષ્યમાં પણ મેળવી શકે તે માટે કોઈ પણ પ્રકારના વિવાદને શક્ય તેટલો વહેલો ઉકેલી નાખવો બધા માટે હિતાવહ છે.

### આંકડાની રીતે આઠ કંપનીઓ વધારે ના લાગે કેમ કે દુનિયામાં સેંકડો આઈટી કંપનીઓ છે

# ટ્રેડ ડીલ માટે ભારતનું નાક દબાવવા ટ્રમ્પનું નવું ત્રાગું

### ટ્રમ્પ અમેરિકાને ફાયદો થાય એવા ટ્રેડ ડીલ પર સહી કરવા માટે દબાણ સર્જવા આ બધાં ત્રાગાં કરી રહ્યા છે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વાર ભારત વિરોધી માનસિકતાનો પરચો બતાવીને ભારતની ચાર અને અમેરિકાની ચાર એમ આઠ મોટી આઈટી કંપનીઓને ગ્રીન કાર્ડ પ્રોગ્રામમાંથી તગેડી મૂકી છે. ટ્રમ્પના ફતવાના કારણે આ આઠ કંપનીઓના અમેરિકામાં કામ કરી રહેલા કર્મચારીઓ પરમેનન્ટ રેસિડેન્સી માટે અરજી કરીને ગ્રીન કાર્ડ નહીં મેળવી શકે કેમ કે આ આઠ કંપનીઓ પોતાના કર્મચારીઓ માટે પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન એટલે કે પ્રોગ્રામ ઈલેક્ટ્રોનિક રિવ્યૂ મેનેજમેન્ટ (ઈઈસ) માટે અરજી નહીં કરી શકે. આ કંપનીઓમાં ભારતની ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રો અને એચસીએલ એ ચાર કંપનીનો સમાવેશ થાય છે જ્યારે અમેરિકાની ચાર કંપનીઓમાં માઈક્રોસોફ્ટ, એડોબી, કોગ્નિઝન્ટ અને કેપજેમિની સામેલ છે.

અમેરિકામાં એચ-વન બી (ૐ-૧મ) વિઝા પર કામ કરી રહેલા વિદેશી કર્મચારીઓને અમેરિકામાં કાયમી વસવાટ અપાવવા માટે કંપનીઓ પ્રોગ્રામ ઈલેક્ટ્રોનિક રિવ્યૂ મેનેજમેન્ટ (ઈઈસ) હેઠળ અરજી કરે છે. અમેરિકાના કાયદા પ્રમાણે, અમેરિકન કંપનીએ કોઈ વિદેશી કર્મચારીને કાયમી ધોરણે નોકરીએ રાખવો હોય તો અમેરિકન શ્રમ વિભાગ પાસેથી મંજૂરી લેવી પડે છે. અમેરિકામાં વિદેશીને કાયમી નોકરી મળે એટલે તેને ગ્રીન કાર્ડ મળે છે પણ અરજી જ ના કરી શકાય તો ગ્રીન કાર્ડ ના મળી શકે તેથી કર્મચારીઓને અમેરિકામાં કાયમી વસવાટ ન મળે એટલે તેમણે ધોયેલા મૂળાની જેમ ભારત પાછા આવવું પડશે. અમેરિકાએ ચોખવટ કરી છે કે, અત્યારે જે કર્મચારીઓ એચ-વન બી વિઝા હેઠળ અમેરિકામાં કામ કરે છે અને પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન માટે અરજી કરી ચૂક્યા છે તેમને કોઈ અસર નહીં થાય પણ આ કંપનીઓની નવી અરજી નહીં સ્વીકારાય.

ટ્રમ્પે ભારતીયોને ટાર્ગેટ કરવા માટે આ ફતવો બહાર પાડ્યો છે એ કહેવાની જરૂર નથી કેમ કે આઠમાંથી અમેરિકાની છે અને ચાર કંપની ભારતની છે. અમેરિકાની એવી કંપનીઓ પર ચાબૂક ચલાવાઈ છે કે જે ભારતીયોને મોટા પ્રમાણમાં નોકરીઓ આપે છે. ૨૦૦૯થી અત્યાર સુધીમાં આ આઠ કંપનીઓએ લગભગ ૩૦ લાખ વિદેશી કર્મચારીઓને ગ્રીન કાર્ડ અપાવવા માટે અરજીઓ કરી હતી અને તેમાંથી ૧ લાખથી વધુને ગ્રીન કાર્ડ મળ્યાં છે. તેમાંથી મોટા ભાગના ભારતની ચાર કંપનીઓમાં ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રો અને એચસીએલના છે. અમેરિકાની માઈક્રોસોફ્ટ, એડોબી, કોગ્નિઝન્ટ અને કેપજેમિની જેવી કંપનીઓ પણ ભારતીયોની મોટા પાયે ભરતી કરીને કાયમી નોકરી આપે છે.

આંકડાની રીતે આઠ કંપનીઓ વધારે ના લાગે કેમ કે દુનિયામાં સેંકડો આઈટી કંપનીઓ છે પણ આ કંપનીઓનો વ્યાપ જોતાં સમજાય કે, ટ્રમ્પે ભારતીય કંપનીઓને સાવ કચડી નાંખવા માટે જ આ પગલું ભર્યું છે. ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રો અને એચસીએલ એ ચારેય કંપની ભારતના આઈટી ઉદ્યોગની આધારશિલા છે. વિદેશી કંપનીઓ ભારતમાં આઈટી આઉટર્સોસિંગ કરે તેમાંથી મોટા ભાગના જોબ આ ચાર કંપનીઓને જ મળે છે ને ટ્રમ્પે તેમને જ લપેટી લેતાં આખો ભારતીય આઈટી ઉદ્યોગ જ હચમચી જશે.

ટ્રમ્પે માઈક્રોસોફ્ટ, એડોબી, કોગ્નિઝન્ટ અને કેપજેમિનીને એટલે ટાર્ગેટ કરી છે કે, આ કંપનીઓ ભારતમાં સૌથી વધારે આઉટર્સોસિંગ કરે છે. ટ્રમ્પે જુદી જુદી રીતે આ કંપનીઓને દબાવીને ભારતમાં આઉટર્સોસિંગ બંધ કરવા અને ભારતીયોને નોકરીઓ નહીં આપવા કહેલું પણ આ કંપનીઓ ટ્રમ્પને ના ગાંઠી. ટ્રમ્પને રવાડે ચડીને પોતાનાં હિતોને નુકસાન પહોંચાડવાની તેમની તૈયારી નહોતી એટલે ટ્રમ્પની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખી તેમાં ફૂંગરાયેલા ટ્રમ્પે તેમને સીધી કરવા ફતવો બહાર પાડી દીધો.

આ ચાર કંપનીઓને ટાર્ગેટ કરીને બીજી અમેરિકન કંપનીઓને પણ ટ્રમ્પે આડકતરી ધમકી આપી દીધી કે, ભારતીયોને નોકરીએ રાખ્યા કે, ભારતીય કંપનીઓને કામ આપ્યું તો તમારા હાલ પણ માઈક્રોસોફ્ટ સહિતની ચાર કંપનીઓ જેવા જ થશે. માઈક્રોસોફ્ટ અમેરિકાની જ નહીં પણ આખા દુનિયાની સૌથી મોટી આઈટી કંપની છે. ટ્રમ્પ માઈક્રોસોફ્ટને નથી છોડતા તો પોતાની તો શું વલે કરે એ ડરે બીજી આઈટી કંપનીઓ ભારતીયોને કામ ના આપે કે નોકરી પણ ના આપે એવો ફફડાટ પેદા કરવાનો ટ્રમ્પનો ઈરાદો છે એ સ્પષ્ટ છે.

ટ્રમ્પ લાંબા સમયથી એક રેકર્ડ વગાડ્યા કરે છે કે, અમેરિકામાં વિદેશીઓ સ્થાનિક કર્મચારીઓની નોકરીઓ છિનવી રહ્યા છે અને અમેરિકાની કંપનીઓ પણ અમેરિકનોને કાયદેસરના લાભ ના આપવા પડે, વધારે ખર્ચ કરવો પડે એટલા માટે વિદેશી કર્મચારીઓને નોકરી પર રાખે છે કે પછી આઉટર્સોસિંગ કરે છે. અમેરિકામાં સૌથી વધારે આઉટર્સોસિંગ કે વિદેશીઓને નોકરી આપવાનું કામ આઈટી કંપનીઓ કરે છે તેથી ટ્રમ્પે આઈટી કંપનીઓને નિશાન બનાવી છે. ભવિષ્યમાં બીજાં ક્ષેત્રો માટે પણ આ ટ્રમ્પ આવો ફતવો બહાર પાડી શકે ને વિદેશી કંપનીઓ કે કર્મચારીઓ માટે કાયમી દરવાજા બંધ કરી શકે.

ટ્રમ્પને એવું લાગે છે કે, આ ફતવાના કારણે ભારતીયો ફફડી જશે પણ એવું કશું થવાનું નથી કેમ કે ભારતીયો લાંબા સમયથી અમેરિકાને કોરાણે મૂકીને બીજા દેશો તરફ મીટ માંડી જ રહ્યા છે. ભારતીયો માટે અમેરિકામાં ગ્રીન કાર્ડ કતારની બહુ લાંબી છે ને ઘણાંને તો આખો જન્મારો રાહ જોયા પછી પણ ગ્રીન કાર્ડ ના મળે એવી હાલત છે તેથી ભારતીયોમાં ભણેલા લોકો તો અમેરિકન ડ્રીમને છોડી જ રહ્યા છે. ભારતીયો માટે અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવા માટે અત્યારે જ લગભગ ૧૫ વર્ષનું વેઈટિંગ લિસ્ટ છે.

અમેરિકામાં ખૂબ જ ભણેલા અથવા અનુભવી પ્રોફેશનલ્સને ઈમ્-૨ અથવા EB-૩ કેટેગરીના વિઝા મળે છે. આ પ્રોફેશનલ્સ પોતાના કામથી અમેરિકન કંપનીઓને સંતોષ આપે પછી તેમને કાયમી નોકરી મળે એટલે કંપની જ ગ્રીન કાર્ડ માટે પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન મેળવવા અરજી કરતી હોય છે. અત્યારે સ્થિતિ એ છે કે, ૨૦૧૫માં પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન માટે અરજી કરી હોય તેમને તો ગ્રીન કાર્ડ મળી જ નથી રહ્યું. અમેરિકામાં હાલમાં એવા ભારતીયોને ગ્રીન કાર્ડ મળી રહ્યું છે જેમણે ૨૦૧૨ અથવા ૨૦૧૪માં અરજી કરી હોય. આ વર્ષ માટે ભારતીયોનો કોટા સમાપ્ત થઈ ગયો છે, તેથી ૨૦૧૪ પછી અરજી કરનારાનો વારો તો આવતા વરસે જ આવવાનો છે. આ કારણે ભારતીયો માનસિક રીતે તૈયાર જ છે તેથી ટ્રમ્પના ફતવાની બહુ અસર નહીં પડે.

ટ્રમ્પ અમેરિકાને ફાયદો થાય એવા ટ્રેડ ડીલ પર સહી કરવા માટે દબાણ સર્જવા આ બધાં ત્રાગાં કરી રહ્યા છે પણ ભારત સરકારે મચક નથી આપી તેથી ટ્રમ્પે આ નવું ત્રાગું કર્યું છે. ભારત સરકારનું વલણ યોગ્ય છે ને હવે પણ અમેરિકાના દબાણ સામે ઝૂકવાના બદલે ભારતે બીજા વિકલ્પો વિશે વિચારવું જોઈએ.

### ઉછેરેલું વૃક્ષ પેઢીઓ સુધી યાદ રહે છે

# વૃક્ષારોપણનો ફોટો એક દિવસ માટે યાદ રહે છે

- રોપો વાવવો સહેલો છે- તેને જીવંત રાખવો અઘરો છે. વૃક્ષારોપણના દિવસે ખાડો ખોદવો, રોપો વાવવો, પાણી રેડવું અને ફોટો પડાવવો - આ બધું થોડા કલાકોમાં થઈ જાય છે, પરંતુ પછી શરૂ થાય છે સાચી કસોટી.

'વૃક્ષ વાવવું એ શરૂઆત છે, તેને ઉછેરવું એ સંકલ્પ છે અને તેને મોટું કરવું એ સાચી પર્યાવરણ સેવા છે.'આજના સમયમાં પર્યાવરણ બચાવવાની આ પ્રકારની વાતો ખૂબ થાય છે. વિશ્ર્વ પર્યાવરણ દિવસ આવે ત્યારે વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાય છે, શાળાઓમાં વિદ્યાર્થીઓ વૃક્ષો વાવે છે, સામાજિક સંસ્થાઓ દ્વારા રોપાઓનું વિતરણ થાય છે, સરકારી તંત્ર દ્વારા વૃક્ષારોપણના આંકડા જાહેર થાય છે અને અનેક સ્થળોએ ફોટોગ્રાફ્સ સાથે વૃક્ષારોપણની ઉજવણી પણ થાય છે, પરંતુ એક મૂળભૂત પ્રશ્ર્ન આપણા અંતરાત્માને પૂછવો જરૂરી છે-જે પ્રમાણમાં વૃક્ષો વાવવામાં આવે છે તે પ્રમાણમાં ખરેખર ઉછેરવામાં આવે છે ખરા?વૃક્ષારોપણની સંખ્યા કરતાં વૃક્ષોના અસ્તિત્વની સંખ્યા વધુ મહત્ત્વની છે. એક દિવસમાં એક હજાર રોપા વાવી દેવા કરતાં એક વર્ષમાં સો



રોપા ઉછેરીને વૃક્ષ બનાવી દેવા એ પર્યાવરણ માટે વધારે મોટી સિદ્ધિ છે.

રોપો વાવવો સહેલો છે- તેને જીવંત રાખવો અઘરો છે. વૃક્ષારોપણના દિવસે ખાડો ખોદવો, રોપો વાવવો, પાણી રેડવું અને ફોટો પડાવવો - આ બધું થોડા કલાકોમાં થઈ જાય છે, પરંતુ પછી શરૂ થાય છે સાચી કસોટી.

રોપાને નિયમિત પાણી જોઈએ, યોગ્ય માટી જોઈએ, ખાતર જોઈએ, પશુઓથી રક્ષણ જોઈએ, નિંદામણ દૂર કરવું પડે, સમયાંતરે માટી ચઢાવવી પડે અને તેની વૃદ્ધિ પર નજર રાખવી પડે. શરૂઆતનાં એક-બે વર્ષ રોપા માટે અત્યંત મહત્ત્વના હોય છે. આ સમયગાળામાં યોગ્ય સંભાળ ન મળે તો અનેક રોપા સુકાઈ જાય છે. એટલે જ કહેવું જોઈએ કે વૃક્ષારોપણ એક દિવસનો કાર્યક્રમ નથી; તે વર્ષો સુધી ચાલતી જવાબદારી છે.

આંકડાની રમત નહી, પરિણામની વાત ઘણી વખત વૃક્ષારોપણના કાર્યક્રમોનો ભાર 'કેટલા રોપા વાવવામાં આવ્યા?' તેના પર હોય છે. પરંતુ સાચો પ્રશ્ર્ન એવો હોવો જોઈએ કે 'વાવવામાં આવેલા રોપામાંથી કેટલા આજે જીવંત અને વિકસિત વૃક્ષો બન્યાં?'

જો એક સંસ્થા દસ હજાર રોપા વાવે અને થોડા મહિનાઓ પછી તેમાંના મોટા ભાગના રોપા નષ્ટ થઈ જાય, તો દસ હજાર વૃક્ષ વાવ્યાનો આંકડો પર્યાવરણને કોઈ ખાસ લાભ આપતો નથી. બીજી તરફ, કોઈ વ્યક્તિ કે સંસ્થા માત્ર સો રોપા વાવે, પરંતુ સતત સંભાળ રાખીને તેમાંના નેવું રોપાને વૃક્ષ બનાવે તો તેની કામગીરી વધુ અર્થપૂર્ણ છે. આથી વૃક્ષારોપણના કાર્યક્રમોની સફળતા રોપાની સંખ્યા નહી, પરંતુ તેના જીવંત રહેવાના પ્રમાણથી માપવી જોઈએ.

વૃક્ષો વાવ્યા પછી તેની સંભાળ ન રાખવાનાં અનેક કારણો છે. સૌથી મોટું કારણ છે ઉત્સાહનો અભાવ અને જવાબદારીની અછત. વૃક્ષારોપણ વખતે જે ઉત્સાહ હોય છે તે થોડા દિવસોમાં ઓસરી જાય છે. બીજું કારણ છે પાણીની અછત. ખાસ કરીને ઉનાળામાં રોપાને નિયમિત પાણી ન મળે તો બધા સુકાઈ જાય છે.

ત્રીજું કારણ છે રક્ષણનો અભાવ. રસ્તાની બાજુ કે ખુલ્લા મેદાનમાં વાવેલા રોપાને પશુઓથી બચાવવા યોગ્ય કાંટાળી વાડ કે ટ્રી-ગાર્ડ ન હોય તો રોપાઓ નાશ પામે છે. ચોથું કારણ છે 'મારું કામ પૂરું' એવી માનસિકતા. રોપો વાવી દીધો એટલે જવાબદારી પૂરી થઈ ગઈ - આ વિચાર જ સૌથી મોટો અવરોધ છે.

પાંચમું કારણ છે યોગ્ય સ્થળ અને યોગ્ય જાતિની પસંદગીનો અભાવ. દરેક જગ્યાએ દરેક પ્રકારનું વૃક્ષ વાવી શકાય નહી. જમીન, પાણી, આબોહવા અને સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ વૃક્ષોની પસંદગી કરવી જરૂરી છે.

### આ વેક્યુમ ટ્યુબ દ્વારા માઈક્રોવેવ તરંગો પેદા કરી શકાતા હતા.

# પ્લાસ્ટિક સર્જરી ને સેનેટરી પેડની શોધ યુદ્ધને કારણે!

### કદાચ જાણીને નવાઈ લાગશે પણ અગાઉ ખેલાઈ ચૂકેલા બે વિશ્વયુદ્ધો સહિતની ભીષણ લડાઈઓએ માનવજાતને કેટલીક મહત્ત્વની ભેટ પણ આપી છે.

આજે રશિયા-યુક્રેન પછી અમેરિકા-ઈરાન બાખડી રહ્યા છે. તાજા સમાચારો મુજબ સઉદી અરેબિયા અને યમનના હુતી બળવાખોરો પણ યુદ્ધમાં પ્રવેશી ચૂક્યા છે. વિશ્વની તમામ મહાસત્તાઓ અને મોટા અર્થતંત્રો યુદ્ધકાળ વેઠી રહ્યા હોય ત્યારે ગમે તે ઘડીએ ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળવાની આશંકા અસ્થાને નથી. આ પરિસ્થિતિમાં સામાન્ય નાગરિકો તરીકે આપણાથી કશું થાય એમ નથી, સિવાય કે થોડી ઘણી પોઝિટીવ વાત કરી લઈએ.

કદાચ જાણીને નવાઈ લાગશે પણ અગાઉ ખેલાઈ ચૂકેલા બે વિશ્વયુદ્ધો સહિતની ભીષણ લડાઈઓએ માનવજાતને કેટલીક મહત્ત્વની ભેટ પણ આપી છે. આમાં સૌથી ટોચે નામ આવે ઈન્ટરનેટનું. જો કે ઈન્ટરનેટ કોઈ સીધા યુદ્ધ દરમિયાન નહિ, પણ અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે ચાલતી કોલ્ડ વોર દરમિયાન શોધાયું હતું.

આમ તો કેન્ડ ફૂડ ખાવું સ્વાસ્થ્ય માટે સારું ગણાય કે હાનિકારક, એ વિષે નિષ્ણાંતોમાં ચર્ચા ચાલતી રહે છે, પણ દુર્ગમ પ્રદેશો જે એક્સ્પ્લોર કરવા જોવા જાણવા નીકળેલા પર્યટકો-સંશોધકોથી માંડીને દિવસો સુધી યુદ્ધરત રહેતી સૈન્ય ટુકડીઓ માટે કેન્ડ ફૂડ કોઈ આશીર્વાદથી કમ નથી. પ્રશ્ન એ છે કે સારી કેલેરી ધરાવતા ભોજનને દિવસો સુધી કેન-ડબ્બામાં સંગ્રહ કરીને દિવસો પછી વાપરતા રહેવાનો વિચાર સૌથી પહેલા કોને આવ્યો હશે? નેપોલિયનનું લશ્કર જ્યારે યુરોપને ધમરોળી રહ્યું હતું ત્યારે આ લશ્કર માટે સૌથી મોટી મુશ્કેલી હતી સૈનિકોને ખોરાક પૂરો પાડવાની. આ માટે ઈસ ૧૮૦૯માં તત્કાલીન ફ્રાંસ સરકારે એક પ્રતિયોગિતા જાહેર કરી, જે વ્યક્તિ ખોરાકને સ્ટોર કરીને દૂર સુધી પહોંચાડી શકાય એવી ડિવાઈસ વિકસાવશે એને પૂરા ૧૨,૦૦૦ ફ્રેન્કનું ઇનામ! નિકોલસ એપર્ટ નામના એક ફ્રેંચ વ્યક્તિએ ગ્લાસ જારને ફરતે સીલ દ્વારા કવર કરીને ખાસ પ્રકારનું કેન વિકસાવ્યું. આ કેન ખોરાકને દિવસો સુધી સુરક્ષિત રાખી શકે એમ હતું.ફ્રાન્સની સેનાએ તેનો બહોળો ઉપયોગ કર્યો. એપર્ટને ઇનામ પણ મળ્યું અને એ રકમ વાપરીને એણે ફૂડ કેન્સ બનાવવાની ફેક્ટરી પણ નાખી, પરંતુ નેપોલિયનની હાર બાદ વિરોધી દળોએ આ ફેક્ટરી સળગાવી દીધી. જો કે કેન્ડ ફૂડ એટલા પ્રખ્યાત થઈ ગયા કે આજેય આખી દુનિયામાં એ ધૂમ વપરાય છે.ફૂડની વાત નીકળે તો ઠંડા ખોરાકને તાબડતોબ ગરમ કરી આપતા ઓવનને કઈ રીતે ભૂલી



શકાય? હકીકતમાં એવું ય બનતું હોય છે કે એક શોધને ઈમ્પ્રુવ કરવાના ચક્કરમાં સંશોધકો કોઈ બીજી ભળતી જ ચીજ શોધી નાખે! યુદ્ધ સમયે વપરાતા રડારને વધુ કાર્યક્ષમ બનાવવા માટે બ્રિટિશ સંશોધકોનું એક દળ 'કેવિટી મેગ્નેટ્રોન' નામક હાઈ પાવર વેક્યુમ ટ્યુબ ઉપર સંશોધન કરી રહ્યું હતું. આ વેક્યુમ ટ્યુબ દ્વારા માઈક્રોવેવ તરંગો પેદા કરી શકાતા હતા. બ્રિટિશરોનું આ સંશોધનકાર્ય પાછળથી એક અમેરિકનને કામે લાગ્યું! યુદ્ધ બાદ ઇ.સ. ૧૯૪૫માં પર્સી સ્પેન્સર માઈક્રોવેવ ઉત્પન્ન કરી શકતા રડાર ઉપર કામ કરી રહ્યો હતો. એ દરમિયાન એના ગજવામાં મૂકેલી કેન્ડી ઓગળી ગઈ! સ્પેન્સરને સમજાઈ ગયું કે માઈક્રોવેવ્સના કારણે ખોરાક ગરમ થઇ જતો હોય છે. બસ, પછી તો સ્પેન્સર ભાઈએ માઈક્રોવેવ ઓવન નામનું ઉપકરણ વિકસાવી લીધું, જે આજે ય ઘર ઘરના રસોડામાં પહોંચી ચૂક્યું છે.

સેનેટરી પેડ પણ એક એવી ચીજ છે, જે ન શોધાઈ હોત તો કદાચ આજે ય સ્ત્રીઓએ ભણતર કે રોજગાર માટે રોજિંદા ધોરણે ઘરની બહાર નીકળવા પહેલા વિચાર કરવો પડત અને આ સેનેટરી પેડની શોધ પણ યુધ્ધની જ દેન છે.

કિમ્બર્લી ક્લાર્ક નામક અમેરિકન કંપનીએ સેલ્યુકોટન નામે એક પ્રોડક્ટ વિકસાવેલી, જે યુદ્ધમાં ઘાયલ થતા સૈનિકોના રક્તસ્રાવને ઝડપથી શોષી લેવાનું કામ કરતી. યુદ્ધ સમયે આ પ્રોડક્ટનો મોટા પાયે વપરાશ થવા માંડ્યો. યુએસ આર્મીમાં આ પ્રોડક્ટ છૂટથી વહેંચાવા માંડી. એ સમયે મિલિટરી હોસ્પિટલમાં કામ કરતી કેટલીક નર્સને વિચાર આવ્યો કે જો સેલ્યુકોટન સૈનિકોના ઊંડા ઘામાંથી ધડધડાટ વહેતા લોહીને શોષી લેવામાં ય સફળ નીવડતું હોય તો પછી... અને આ નર્સોએ પિરિયડ્સ સમયે સેલ્યુકોટનનો ઉપયોગ કરવા માંડ્યો. પાછળથી ઈસ ૧૯૨૦માં કંપનીએ 'કોટન-લાઈક ટેક્સચર' ઉપરથી 'કોટેક્સ' નામના સેનેટરી પેડ બજારમાં મૂક્યા, એન્ડ રેસ્ટ ઈઝ હિસ્ટ્રી વત્તા હર સ્ટોરી બની ગઈ!

આજ રીતે, પ્લાસ્ટિક સર્જરીની શોધ. ઈસ ૧૯૧૬માં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન વોલ્ટર નામના એક બ્રિટિશ સૈનિકને ચહેરા ઉપર ભયંકર ઈજાઓ થઈ. એની આંખની પાંપણ સુધ્ધાં બળી ગઈ. એ સમયે મૂળ ન્યૂ ઝિલેન્ડના નિવાસી એવા ડોક્ટર હેરોલ્ડ ગિલીસ રોયલ આર્મીની મેડિકલ ટુકડી સાથે યુરોપ આવેલા. ઈજાગ્રસ્ત વોલ્ટરને ઘાયલ થયાના એકાદ વર્ષ બાદ ડૉ. ગિલીસ પાસે લાવવામાં આવ્યો.

એક પ્રયોગ તરીકે ડૉ. ગિલીસે શરીરના સારા ભાગ ઉપરથી ત્વચાનો ટુકડો કાપીને વોલ્ટરના ચહેરા ઉપર ચોંટાડી આપ્યો અને આધુનિક તબીબીશાસ્ત્રની એ પ્રથમ પ્લાસ્ટિક સર્જરી ગણાય. છે. એ હિસાબે ડૉ ગિલીસને પ્લાસ્ટિક સર્જરીના પિતા તરીકે ગણી શકાય.

# ફિલ્મ સિટીમાં આગથી અમિતાભ અને બાદશાહે સેટ છોડવો પડ્યો



મુંબઈના ગોરેગાંવ ઈસ્ટ સ્થિત ફિલ્મ સિટીમાં સોમવારે, ૫ ઓક્ટોબરે લાગેલી આગને કારણે એકસાથે અનેક ટીવી શોના શૂટિંગને અસર થઈ હતી. બપોરે આશરે ૪ વાગ્યે પ્રાઈમ ફોક્સ સ્ટુડિયોની પાછળ 'પતિ પત્ની ઔર પંગા ૨' માટે તૈયાર કરાયેલાં સેટના બહારના શેડમાં આગ લાગી હતી. આગનો ધુમાડો નજીકના 'હસ્ટલ સીઝન ૫' અને 'કૌન બનેગા કરોડપતિ'ના સેટ સુધી પહોંચતા ત્યાં ચાલી રહેલા શૂટિંગને અટકાવી દેવામાં આવ્યું હતું.

આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગી ત્યારે 'પતિ પત્ની ઔર પંગા ૨'ના સેટ પર શૂટિંગ ન હોવાથી ત્યાં કલાકારો કે ક્રૂ હાજર નહોતાં. જોકે, ધુમાડાને કારણે નજીકના સેટ પર રહેલા કલાકારો અને ટીમને બહાર કાઢવામાં આવી હતી. 'કૌન બનેગા કરોડપતિ'ના સેટ પર અમિતાભ બચ્ચન પણ હાજર હતા અને ધુમાડાને કારણે તેમને સેટની બહાર જવું પડ્યું હતું. શૂટિંગ આશરે દોઢ કલાક સુધી અટક્યું હતું.

ઓલ ઈન્ડિયા ફિલ્મ એમ્પ્લોઈઝ કોન્ફેડરેશન અને FWICEના અશોક દુબેએ આ ઘટનાને સેટની સુરક્ષા વ્યવસ્થાને લઈને ચેતવણીરૂપ ગણાવી હતી. તેમના જણાવ્યા મુજબ, જો તે સમયે 'પતિ પત્ની ઔર પંગા ૨'નું શૂટિંગ ચાલી રહ્યું હોત તો સ્થિતિ વધુ ગંભીર બની શકતી હતી. તેમણે સેટના સ્ટ્રક્ચરલ ઓડિટ, ફાયર સેફ્ટી તપાસ અને નિયમિત ઈન્સ્પેક્શનની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.

આગના કારણે 'હસ્ટલ ૫'ની ફિનાલે શૂટિંગને પણ અસર થઈ હતી. બાદશાહ, સમર્થ જુરેલ અને શોના સ્પર્ધકો સેટ પર હાજર હતા. ધુમાડો અને સળગવાની ગંધ અનુભવાતા તમામને બહાર કાઢવામાં આવ્યા હતા. બંને સેટની બહાર આવેલા કેટલાક ટેન્ટ પણ આગની લપેટમાં આવી સંપૂર્ણપણે બળી ગયા હતા. ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યા બાદ અને વિસ્તાર સુરક્ષિત જાહેર થયા પછી શૂટિંગ ફરી શરૂ થયું હતું.

આ ઘટનાને પગલે ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન (AICWA)એ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખી ઉચ્ચસ્તરીય તપાસ અને જવાબદારી નક્કી કરવાની માગ કરી છે.






# બંદે મેં થા દમ... વંદે માતરમ્

'મેં ક્યારેય સિનેમા જોયું નથી અને મારા પ્રેમાળ મિત્રોના અતિ આગ્રહ છતાં પણ મને કોઈ ઈચ્છા નથી થતી. સાચું કહું તો ભગવાને આપેલો મૂલ્યવાન સમય બગાડવાની મારી જરાય ઈચ્છા નથી. ફિલ્મોનું શૈક્ષણિક મૂલ્ય છે એવું મિત્રો મને કહેતા હોય છે. કદાચ હશે, પરંતુ સિનેમાનો ભ્રષ્ટ કરનારો પ્રભાવ દરરોજ મને સ્પષ્ટપણે નજરે પડતો હોવાથી શિક્ષણ માટે હું બીજે નજર દોડાવું છું.'

આ કથન મોહનદાસ કરમચંદ ગાંધી-મહાત્મા ગાંધીનું છે. ૧૯૨૯માં સાપ્તાહિક પત્ર 'યંગ ઈન્ડિયા'માં તે સમયે સિનેમાના પ્રભાવ અને તેના કારણે સમાજના બગાડથી ચિંતિત હોવાથી તેમણે આ પ્રમાણે લખ્યું હતું. ગાંધીજીની બધી વાત સાથે સહમત થવાય એ જરૂરી નથી અને ખુદ બાપુ ભિન્ન મતનો આદર કરતા હતા. કદાચ ગાંધીજી સિનેમાને સર્વાંગી રીતે સમજી નહોતા શક્યા એવી દલીલ ગભરાયા વિના કરી શકવી એ અંતે તો નિર્ભય બનવાની ગાંધીજીના શિક્ષણનો જ ભાગ છે ને. જોકે, ૧૦૦ વર્ષ પહેલાનું આ વિધાન આજની તારીખમાં વિચાર કરવા જરૂર પ્રેરે એ હદે સિનેમા બદલાઈ ગયું છે. એમ તો આજે ગાંધીજી પ્રત્યેના દૃષ્ટિકોણમાં પણ સમૂળગો બદલાવ આવ્યો છે. આજે ગાંધી જયંતી છે એ અવસરે ગાંધીજીને કેન્દ્રમાં રાખી બનેલી જૂજ ફિલ્મોના ગીત અને એના સંવાદો તપાસીએ. પછી દરેક વાચક જાતે જ નક્કી કરે કે ગાંધીજી આજે કેટલા પ્રસ્તુત છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય એમની શીખવણીનો જ હિસ્સો છે ને.ગાંધીજીને કેન્દ્રમાં રાખેલી ફિલ્મોમાં રિચર્ડ એટનબરોની આઠ ઓસ્કર અવોર્ડ વિજેતા 'ગાંધી' (૧૯૮૨) ફિલ્મને મળેલા વ્યાપક આવકાર બાબતે અન્ય ગાંધી ફિલ્મો પાતળી લાગે, પણ મહત્ત્વ અને મહત્તામાં ઓછી ઊતરે એવી નથી. શ્યામ બેનેગલની 'ધ મેકિંગ ઓફ મહાત્મા', કમલ હાસનની 'હે રામ', ફિરોઝ અબ્બાસ ખાનની 'ગાંધી, માય ફાધર', જાહનું બરૂઆની 'મૈંને ગાંધી કો નહીં મારા', રાજકુમાર હિરાણીની 'લગે રહો મુન્નાભાઈ', રાકેશ રંજન કુમારની 'ગાંધી ટુ હિટલર' તેમ જ 'સરદાર' સહિત અન્ય મહાનુભાવોને કેન્દ્રમાં રાખેલી ફિલ્મોમાં પણ ગાંધીજીનું ચિત્રણ છે. દરેક ફિલ્મમેકરે બાપુને વેગળા દૃષ્ટિકોણથી ચિત્રિત કરવાનો પ્રયાસ કર્યો છે.ફિલ્મોમાં ગાંધીજીનાં ગીતો સાંભરીએ ત્યારે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' તેમ જ 'રઘુપતિ રાઘવ રાજા રામ' પહેલા યાદ આવે. ગાંધીજીને પ્રિય એવા આ બંને ભજન ઘણી હિન્દી ફિલ્મો અને દેશભક્તિના મ્યુઝિક આલબમમાં સમાવી લેવાયા છે. ચોક્કસ સિનેમાના ગીતની વાત કરતી વખતે 'જાગૃતિ' ફિલ્મનું 'દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ', સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ' પહેલું યાદ આવે. કવિ પ્રદીપ લિખિત અને હેમંત કુમારે સ્વરબદ્ધ કરેલું આશા ભોસલેએ ગાયેલું આ ગીત આજે પણ અનેક લોકોને યાદ હશે. ગાંધીજી અને અહિંસાના સિદ્ધાંતને સમર્પિત આ સૌથી પ્રસિદ્ધ અને લોકપ્રિય ગીત છે.

૧૯૫૭માં રિલીઝ થયેલી બે ફિલ્મ 'નયા દૌર' અને 'દો આંખેં બારહ હાથ'માં ગાંધીજીની નહીં, પણ ગાંધી વિચારની હાજરી છે. આ બંને ફિલ્મના ગીત - સંગીતને ખાસ્સી લોકપ્રિયતા મળી હતી. 'નયા દૌર'નું 'સાથી હાથ બઢાના' સામૂહિક શક્તિ અને શ્રમના ગૌરવની વાત કરે છે જ્યારે 'દો આંખેં બારહ હાથ'ના 'અય માલિક તેરે બંદે હમ, ઐસે હોં હમારે કરમ, નેકી પર ચલે ઔર બદી સે ટલે, તાકી હસતે હુએ નિકલે દમ'માં વેરભાવ રાખવાના બદલે પ્રેમ અને અહિંસા દ્વારા ક્રૂરતાને જીતવાની પ્રેરણા આપતો ગાંધી વિચાર જ પ્રગટ થાય છે.૧૯૬૭માં આવેલી ફિલ્મ 'પરિવાર'માં ગાંધી જયંતી અને બાપુના જન્મદિનને યાદ કરી એક પ્રેરણાદાયક ગીત 'આજ હૈ દો અક્ટુબર કા દિન' ગીત રજૂ થયું હતું.

## ગાંધી ફિલ્મના ડાયલોગ્સઃ

ગાંધીજી ક્યારેય વાચકો કે શ્રોતાઓને પ્રભાવિત કરવા માટે ભારેખમ શબ્દોનો ઉપયોગ કરતા નહીં. તેમનું લખાણ અને બોલચાલ અત્યંત સરળ, ટૂંકી અને મુદ્દાસર રહ્યા હતા. ઓક્સફર્ડ યુનિવર્સિટીના એક પ્રોફેસરે નોંધ્યું હતું કે ગાંધીજી ભાષાનો એવો સચોટ ઉપયોગ કરતા કે આખું વાક્ય બદલ્યા વગર માત્ર એક યોગ્ય શબ્દથી અર્થ સ્પષ્ટ કરી દેતા. ટૂંકમાં તેમની રજૂઆતમાં લાઘવ હતું. રાજકુમાર હિરાણીની 'લગે રહો મુન્નાભાઈ'ના સંવાદ 'ગાંધીજી ને કહા થા કી બુરાઈ કે પિછે ભી ઈન્સાન હોતા હૈ. બુરાઈ સે ઘૃણા કરો, બૂરે સે નહીં' અને 'બોલે તો 'ગાંધીગીરી ઝિંદાબાદ'માં ગાંધી વિચારોનો જ પડઘો પડે છે ને.

રિચર્ડ એટનબરોની ફિલ્મનો સંવાદ 'જ્યારે પણ નિરાશા મને ઘેરી વળે છે ત્યારે ચિત્તમાં સંગ્રહી રાખેલી વાત સાંભરી આવે છે કે સત્ય અને પ્રેમનો કાયમ વિજય થયો છે એ ઈતિહાસ દર્શાવે છે'માં પણ એ જ વાત નજરે પડે છે. વિસરાઈ ગયેલો આ ગાંધી વિચાર આજે પ્રસ્તુત છે? 'ગાંધી માય ફાધર'નો 'હિન્દુસ્તાન કા દિલ ઉસકે ગાઓં મેં ધડકતા હૈ' સંવાદ આજે પણ મહત્ત્વ ધરાવે છે. આ ફિલ્મનો પુત્ર હરિલાલ ગાંધીની વ્યથા - હતાશા વ્યક્ત કરતો સંવાદ 'તમે મારી પાંખો કાપી નાખી... હવે હું કેવી રીતે ઉડીશ?' પણ ચોટદાર છે.

# 'તું હૈ મેરી કિરણ'માં એકતરફી પ્રેમ, ઓબ્સેશન અને રહસ્ય વચ્ચે ફસાયાં સોનાક્ષી અને ઝહીર



સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલની આગામી ફિલ્મ 'તું હૈ મેરી કિરણ'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. કરણ રાવલના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મ એકતરફી પ્રેમ, ઓબ્સેશન અને રહસ્યની આસપાસ ફરતી થ્રિલર છે. ૨૩ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

ટ્રેલરમાં સોનાક્ષી અને ઝહીરનાં પાત્રો વચ્ચેનું ભાવનાત્મક જોડાણ શરૂઆતમાં સામાન્ય લાગતું હોવા છતાં ધીમે ધીમે જટિલ બનતું જોવા મળે છે. જોકે, ફિલ્મની મુખ્ય વાર્તા અને તેના રહસ્યને ટ્રેલરમાં છુપાવવામાં આવ્યું છે. શું વાસ્તવિક છે અને શું માત્ર પાત્રોની ધારણા છે, તે અંગે અનેક સવાલો ઊભા થાય છે.સોનાક્ષીએ ફિલ્મને પોતાના માટે અલગ અનુભવ ગણાવતા કહ્યું કે, તેનાં પાત્રની અસામાન્ય સફર અને તેની અંદરનાં ઊંડાણે તેને આકર્શી હતી. તેનાં મતે ફિલ્મમાં એક લાગણી ધીમે ધીમે વધુ તીવ્ર અને અસરકારક સ્વરૂપ ધારણ કરે છે.ઝહીર ઈકબાલે કહ્યું કે ફિલ્મ એકતરફી પ્રેમના બદલાતા સ્વરૂપને રજૂ કરે છે. તેનાં મતે વાર્તામાં રહસ્ય અને સસ્પેન્સ સતત જળવાઈ રહે છે અને તેના પાત્રની જટિલતા સમજવી રસપ્રદ રહી.નિર્માતા વિશાલ રાણાના જણાવ્યા મુજબ ફિલ્મમાં એકતરફી પ્રેમ અને ઓબ્સેશનના ખતરનાક પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જ્યારે લેખક-દિગ્દર્શક કરણ રાવલે દર્શકોને સતત એ વિચારતા રાખવાનો પ્રયાસ કર્યો છે કે પડદા પર દેખાતી ઘટનાઓમાં કેટલું વાસ્તવિક છે અને કેટલું પાત્રોની માનસિકતા સાથે જોડાયેલું છે.

ફિલ્મનો અંતિમ વળાંક અને સોનાક્ષી-ઝહીરના પાત્રોના સંબંધનું સાચું સ્વરૂપ હાલ રહસ્યમાં રાખવામાં આવ્યું છે.

# 'યે રિશ્તા.. ' ફેમ મોહસિન ખાને તમન્ના સાથે કેલિફોર્નિયામાં લગ્ન કર્યાં

'યે રિશ્તા ક્યા કહલાતા હૈ' ફેમ અભિનેતા મોહસિન ખાને ફિયોન્સી તમન્ના સાથે કેલિફોર્નિયામાં એક ખાનગી અને નાનકડી સેરેમનીમાં લગ્ન કર્યા છે. રવિવારે મોહસિને સોશિયલ મીડિયા પર લગ્ન સમારોહની એક તસવીર શેર કરીને ચાહકોને આ ખાસ દિવસની ઝલક આપી હતી.

તસવીરમાં મોહસિન અને તમન્ના સાથે ડાન્સ કરતા જોવા મળે છે. મોહસિને ક્લાસિક વ્હાઈટ ટક્સીડો પહેર્યો હતો, જ્યારે તમન્ના પીચ રંગના અનારકલી સૂટમાં જોવા મળી હતી.

લગ્ન સમારોહના અન્ય કેટલાક વીડિયો અને તસવીરો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતાં. મોહસિન અને તમન્નાએ પતિ-પત્ની તરીકે શાહરુખ ખાનની ફિલ્મ 'રા.વન'ના લોકપ્રિય ગીત 'છમ્મક છલ્લો' પર પહેલો ડાન્સ કર્યો હતો. ત્યાર બાદ બંનેએ 'દિલવાલે'ના 'જનમ જનમ' ગીત પર પણ ડાન્સ કર્યો હતો.

મોહસિને ૨૦૧૪માં 'લવ બાય ચાન્સ'થી અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યાર બાદ 'નિશા ઔર ઉસકે કઝિન્સ', 'ડ્રીમ ગર્લ- એક લડકી દીવાની સી' અને 'પ્યાર તુને ક્યા કિયા' જેવા શોમાં કામ કર્યું હતું. જોકે, 'યે રિશ્તા ક્યા કહલાતા હૈ'માં કાર્તિક ગોયન્કાની ભૂમિકાએ તેને ઘર-ઘરમાં ઓળખ અપાવી હતી. તેણે શોમાં શિવાંગી જોશી એટલે કે નાયરા સાથેની જોડી તરીકે લોકપ્રિયતા મેળવી હતી.



# યશરાજ બેનરમાં પીઆરઓ તરીકે કામ કરતાં અચાનક નસીબે યારી આપી ને એ બની ગઈ એક અદાકારા પરિણીતી ચોપરા

હરિયાણાના અંબાલામાં પંજાબી હિન્દુ કુટુંબમાં જન્મેલી પરિણીતી ચોપરા એ ઈન્ટરનેશનલ સ્ટાર પ્રિયંકા ચોપરા, બોલિવૂડની અભિનેત્રીઓ મીરા ચોપરા અને મનારા ચોપરાની 'કઝિન સિસ્ટર' છે. અંબાલાની કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી શાળામાં અભ્યાસ કરીને માત્ર ૧૭ વર્ષની ઉંમરે તે વધુ શિક્ષણ માટે ઈંગ્લેન્ડ ગઈ હતી.

ઈંગ્લેન્ડમાં અલાયન્સ માન્ચેસ્ટર બિઝનેસ સ્કૂલમાંથી બિઝનેસ, ફાયનાન્સ અને ઈકોનોમિક્સના વિષયમાં ત્રણ-ત્રણ ઓનર્સ ડિગ્રી મેળવ્યા પછી તે ભારત આવી. માન્ચેસ્ટર કૉલેજમાં અભ્યાસ દરમિયાન તે માન્ચેસ્ટર યુનાઈટેડ એફ.સી.ના કેટરિંગ ડિપાર્ટમેન્ટમાં ટીમ લીડર તરીકે પાર્ટટાઈમ નોકરી કરતી હતી.

પરિણીતી ચોપરા અભ્યાસમાં તો આગળ હતી જ પણ સાથોસાથ તેણે સંગીતમાં પણ ડિગ્રી મેળવી છે અને તેણે હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની તાલીમ પણ મેળવી છે અને સારી ગાયિકા પણ છે.

૨૦૦૯માં પરિણીતી મુંબઈ પાછી ફરી અને યશરાજ ફિલ્મ્સના માર્કેટિંગ વિભાગમાં ઈન્ટર્ન તરીકે જોડાઈ અને પછી તે પબ્લિક રિલેશન ક્ન્સલ્ટન્ટ તરીકે પણ કામ કરતી હતી. તે સમયે યશ ચોપરાની તેનાં પર નજર પડી અને ૨૦૧૦માં 'બેન્ડ બાજા બારાત'ના પ્રમોશન દરમિયાન તેને અભિનયના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની સલાહ આપી હતી. રિણીતીને ત્યારે અભિનયમાં જરાય રસ નહોતો. તે પી.આર. વિભાગમાં કામ કરીને ખુશ હતી. પણ તેની સાદગી અને સુંદરતા જોઈને યશ ચોપરાએ તેને અભિનેત્રી બનવાની સલાહ આપી હતી. ત્યારે તેનો સ્ક્રીન ટેસ્ટ લેવામાં આવ્યો અને પછી આદિત્ય ચોપરાએ તેને યશરાજ ફિલ્મ્સના બેનર હેઠળ ત્રણ ફિલ્મોનો કરાર કરી અભિનેત્રી તરીકે સાઈન કરી.પરિણીતીની યશરાજ બેનરની પહેલી ફિલ્મ હતી 'લેડિઝ વર્સીસ વિકી બહલ'. આ ફિલ્મમાં રણવીર સિંહ અને અનુષ્કા શર્માની જોડી હતી અને પરિણીતી ચોપરા સહાયક અભિનેત્રી તરીકે હતી, પણ આ પહેલી જ ફિલ્મમાં પરિણીતીનાં અભિનયના વખાણ થયા .આ ફિલ્મની ભૂમિકા માટે પરિણીતીને ફિલ્મફેર, આઈફા જેવા પ્રતિષ્ઠિત એવૉર્ડસ પણ મળ્યા.

તેની કારકિર્દીની યશરાજ બેનરની બીજી જ ફિલ્મમાં તેને મુખ્ય અભિનેત્રી તરીકે પસંદ કરવામાં આવી. આ ફિલ્મ હતી હબીબ ફૈઝલની 'ઈશકજાદે.' આ ફિલ્મથી અર્જુન કપૂરે બોલિવૂડમાં એન્ટ્રી લીધી હતી. આ ફિલ્મની ભૂમિકા માટે પરિણીતીની ૬૦મા નેશનલ ફિલ્મ અવૉર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. આમ બીજી જ ફિલ્મમાં નેશનલ એવૉર્ડસ મેળવીને પરિણીતીએ પોતાની અભિનય ક્ષમતા પણ સાબિત કરી દીધી હતી.

પરિણીતી ચોપરાની યશરાજ બેનરની ત્રીજી ફિલ્મ હતી 'શુદ્ધ દેસી રોમાન્સ.' આ ફિલ્મમાં તે સુશાંતસિંહ રાજપૂત અને વાણી કપૂર સાથે હતી. આ ફિલ્મમાં પણ તેનો અભિનય વખાણાયો હતો અને પરિણીતી નસીબદાર એટલી હતી કે તેની બધી જ ફિલ્મો બોક્સઓફિસ ગજાવતી હતી. આમ એક પછી એક સુપરહિટ ફિલ્મો આપ્યાં પછી તેણે પહેલીવાર યશરાજ બેનર બહારની ફિલ્મ કરી. આ ફિલ્મ ધર્મા પ્રોડક્શનની 'હંસી તો ફંસી' હતી. આ ફિલ્મમાં તેની સાથે સિદ્ધાર્થ મલ્હોત્રા હતો અને એ ફિલ્મે પણ બોક્સઓફિસ ગજાવી હતી.

યશરાજ ફિલ્મ્સમાં કામ કર્યા પછી અને એક પછી એક સફળ ફિલ્મો આપ્યા પછી પણ પરિણીતી ચોપરા એક સમયે એક જ ફિલ્મમાં કામ કરવામાં માને છે. જોકે ૨૦૧૧થી શરૂ થયેલી કારકિર્દીમાં પરિણીતીએ ૨૦૧૪માં એટલે કે ત્રણ વર્ષ પછી જ બે વર્ષનો 'બ્રેક' લીધો હતો. એથી ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન તેની એક પણ ફિલ્મ રિલીઝ થઈ નહોતી. હા, આ ગાળામાં તેણે બે-ત્રણ ફિલ્મોમાં મહેમાન કલાકાર જેવી ભૂમિકા જરૂર કરી હતી.

પરિણીતીએ ગંભીર ભૂમિકાઓની સાથે જ કેટલીક કોમેડી ફિલ્મોમાં પણ અભિનય કર્યો છે. તેમાં ૨૦૧૭માં 'ગોલમાલ અગેઈન'નો સમાવેશ થાય છે. ૨૦૨૧માં તેની 'સંદીપ ઔર પિન્કી ફરાર' નામની બ્લેક કોમેડી ફિલ્મ આવી હતી. તેમાં તેની ભૂમિકા ખૂબ જ વખણાઈ હતી. અભિનય કારકિર્દી દરમિયાન તેણે પોતાની કેટલીક ફિલ્મોમાં ગીત પણ ગાયા છે. તેમાં સૌથી ઉલ્લેખનીય 'કેસરી' ફિલ્મનું 'તેરી મિટ્ટી મેં મિલ જાંવા'નો સમાવેશ થાય છે. કારકિર્દીની શરૂઆતમાં તેનું નામ દિગ્દર્શક મનીષ શર્મા સાથે સંકળાયેલું હતું. ત્યારબાદ સંસદસભ્ય અને રાજકારણી રાઘવ ચઢ્ઢા સાથે તેનું નામ ગાજ્યું. પણ પરિણીતીએ ક્યારેય પોતાના સંબંધ વિશે કશું જાહેરમાં કહ્યું નહોતું.

રાઘવ ચઢ્ઢા સાથે બે વર્ષના સંબંધ બાદ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩નાં રાજસ્થાનના ઉદયપુરમાં આવેલી 'ધ લીલા પેલેસ'માં તે પારંપરિક હિન્દુ વિધી સાથે પરણી ગઈ. ૧૯ ઓક્ટોબર ૨૦૨૫નાં તેણે નીર નામનાં પુત્રને જન્મ આપ્યો છે. પુત્રના જન્મ પછી તેણે ફિલ્મોથી દૂર રહેવાનું પસંદ કર્યું છે.

હવે ૨૪ સપ્ટેમ્બરથી 'નેટફ્લિક્સ' તેની સાત એપિસોડવાળી સિરીઝ 'શકઃ ટ્રસ્ટ નો વન' શરૂ થઈ છે. તેમાં તેની સાથે જેનિફર વિન્ગેટ, સોની રાઝદાન, અનુપ સોની, તાહિર રાજ ભસીન જેવાં કલાકારો છે. આ થ્રિલર સિરીઝમાં પણ પરિણીતીના અભિનયના વખાણ થઈ રહ્યાં છે. આ તેની પહેલી જ વેબ-સિરીઝ છે, પણ એ અગાઉ તે ટીવી પર અનેક કાર્યક્રમોમાં ભાગ લઈ ચૂકી છે.

## OTTનું હોટસ્પોટઃ ત્રણ ઓક્ટોબરથી નવ ઓક્ટોબર સુધી શું જોશો?

અત્યારે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે એક દિવસની (પચાસ ઓવરની) મેચની સિરીઝ ચાલી રહી છે. તેમાં 'રોકો'ને જોવા માટે લોકોએ ફરી સ્ટેડિયમ છલકાવી દીધાં છે. 'રોકો' એટલે રોહિત શર્મા અને વિરાટ કોહલી. આ બન્ને બેટ્સમેનો હવે વધુ વખત ક્રિકેટ મેદાન પર દેખાય એવી શક્યતા ઓછી છે. રોહિત શર્માએ તો તેની નવી ઈનિંગ પણ શરૂ કરી દીધી છે. સોની ટીવી અને સોની લિવ પર દર શનિ અને રવિવારે 'ફેમિલી ફુલ હાઉસ' નામના કાર્યક્રમમાં તેનાં સંચાલનના વખાણ થઈ રહ્યાં છે. આવો આપણે આવતા અઠવાડિયે ઓટીટી પર રજૂ થનારા કાર્યક્રમો વિશે જાણીએ.નેટફ્લિક્સ : અહી બીજી ઓક્ટોબરે 'શૂમાકરઃ ધ બર્થ ઓફ લિજેન્ડ' નામની ડોક્યુમેન્ટરી રજૂ થશે, જે જાણીતા રેસર શૂમાકરના જીવન પર આધારિત છે. બીજી ઓક્ટોબરે જ 'હેશટેગ લવ' નામની તમિળ રોમાન્ટિક કોમેડી ફિલ્મ પણ રજૂ થશે. અહી ચોથી ઓક્ટોબરે 'આફ્ટર ધ ક્વેક' નામની ધરતીકંપ પર બનેલી સિરીઝ જોવા મળશે. તે અગાઉ પહેલી ઓક્ટોબરે અહી 'ઓહ માય ડોગ' નામની ફિલ્મ જોઈ શકાશે. એનાં મુખ્ય કલાકારો પંકજ ત્રિપાઠી, રાજેશ કુમાર, પવન મલ્હોત્રા અને વિજય મિશ્રા છે.અહી પાંચ ઓક્ટોબરે એડવેન્ચર મૂવી 'સૂપર બૂમી', સાત ઓક્ટોબરે 'આઈ એમ સોલો', આઠ ઓક્ટોબરે સસ્પેન્સ ડ્રામા 'બિલો', નવ ઓક્ટોબરે 'ટેક ચાર્જ ઓફ માય હાર્ટ' અને 'એનિમલ્સ' નામની સિરીઝ અને ફિલ્મો જોવા મળશે.એમેઝોન પ્રાઈમઃ

# હોપ 'હીરો'; રેકોર્ડબ્રેક રનચેઝ સાથે ભારતને હરાવતું વિન્ડીઝ

**ઇન્ડિયાને છ વિકેટે હરાવીને પોતાનો સૌથી મોટો લક્ષ્યાંક હાંસલ કર્યો : રધરફોર્ડે રમી ૮૪ રનની તોફાની ઇનિંગ્સ, ૧૨૦ રનની ચોથી વિકેટ માટે બીજી સૌથી મોટી ભાગીદારી રધરફોર્ડ અને હોપે કરી, ૪૫ બોલમાં શતક ફટકાર્યું હોપે, જે વેસ્ટઇન્ડીઝ માટે બીજું સૌથી ઝડપી શતક છે, ૧૦ સતત મેચ જીત્યાં બાદ શ્રેયસની ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો છે**

શ્વાસ થંભાવી દેનારી આ મેચમાં કોઈએ વિચાર્યું નહીં હોય કે ૨૫૦ રનનો વિશાળ લક્ષ્યાંક પણ આટલી સરળતાથી હાંસલ કરી લેવાશે. ભારત અને વેસ્ટઇન્ડીઝ વચ્ચેની બીજી ૨૦ માં ૫૦૦થી વધુ રન બન્યાં, પરંતુ અંતમાં જીત કેરેબિયન ટીમનાં હાથ લાગી. વેસ્ટઇન્ડીઝે કેપ્ટન શાઈ હોપની તોફાની સદીની મદદથી નવ બોલ બાકી રહેતા છ વિકેટે જીત મેળવીને પોતાના ૨૦ ઈતિહાસનો સૌથી મોટો લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો. વેસ્ટઇન્ડીઝે પાંચ મેચોની સિરીઝમાં ૧-૧થી બરાબરી કરી લીધી છે. આ જીત સાથે તેમણે ભારતનો દસ મેચોથી ચાલ્યો આવતો વિજય રથ પણ થંભાવી દીધો. લક્ષ્યાંકનો પીછો કરવા ઊતરેલી વેસ્ટઇન્ડીઝની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. પ્રથમ ઓવરના બે બોલમાં જ બે વિકેટ પડી ગઈ હતી. હોપે (૧૦૨) એક છેડો સાચવીને ભારતીય બોલરોને પાઠ ભણાવ્યો. રોવમેન પોવેલે (૨૪) તેમને સાથ આપ્યો. બંનેએ પાવરપ્લેમાં જ ૭૨ રન બનાવીને ભારતીય બોલરો પર દબાણ બનાવી દીધું. પોવેલ આઉટ થયા પછી હોપને શેર્ફેન રધરફોર્ડ (૮૪)નો સાથ મળ્યો. આ પછી મેદાન પર છગ્ગા-ચોગ્ગાનો એવો વરસાદ થયો કે ભારતીય બોલરો લાચાર નજરે પડયાં. બંનેએ માત્ર ૫૪ બોલમાં ૧૨૦ રનની ભાગીદારી કરીને મેચ ભારતની પકડમાંથી દૂર કરી દીધી. હોપે ૪૫ બોલમાં છગ્ગો મારીને પોતાનાં કરિયરની પ્રથમ સદી પૂરી કરી અને ટીમને જીત પણ અપાવી. કેરેબિયન બેટ્સમેનોએ કુલ ૨૦ છગ્ગા અને ૨૧ ચોગ્ગા ફટકાર્યા. એટલે કે માત્ર બાઉન્ડ્રીથી જ ૨૦૪ રન બનાવી લીધા. ભારત માટે મયંક યાદવે ત્રણ વિકેટ લીધી. આ પહેલા ભારતે પ્રથમ બેટિંગ કરતાં પાંચ વિકેટે ૨૪૯ રન બનાવ્યાં હતાં. આ



વેસ્ટઇન્ડીઝ સામે તેમનો સૌથી મોટો સ્કોર છે. પરંતુ વેસ્ટઇન્ડીઝના તોફાન સામે આ સ્કોર પણ નાનો સાબિત થયો. સેમસને જીવનદાનનો ફાયદો ઉઠાવ્યો અને ક્રીઝ પર સેટ થયા બાદ આક્રમક બેટિંગ કરતા ૪૧ બોલમાં ૮૨ રન બનાવ્યાં. જોકે વચ્ચેની ઓવરોમાં વેસ્ટઇન્ડીઝના બોલરોએ રન રેટ પર થોડો અંકુશ લગાવ્યો હતો. ૧૧મીથી ૧૫મી ઓવર વચ્ચે ભારતે ૪૨ રન બનાવ્યાં અને ત્રણ વિકેટ ગુમાવી. પરંતુ આ પછી છેલ્લી પાંચ ઓવરમાં શ્રેયસ (૪૦) અને તિલક (૪૪ અણનમ)એ ગિયર બદલીને મેચનું વલણ બદલી નાખ્યું. બંનેએ પાંચમી વિકેટ માટે માત્ર ૩૨ બોલમાં ૮૩ રન બનાવ્યાં હતાં. કિશન એક કેલેન્ડર વર્ષમાં ૫૦ કે તેથી વધુ છગ્ગા લગાવનાર ત્રીજો ભારતીય બન્યો છે. તે આ વર્ષે ૫૧ છગ્ગા લગાવી ચૂક્યો છે. અભિષેક શર્મા (૬૩ છગ્ગા ૨૦૨૬ અને ૫૪ છગ્ગા ૨૦૨૫) બે વાર આ સિદ્ધિ મેળવનાર એકમાત્ર ભારતીય છે. આ બંને સિવાય સૂર્યકુમાર (૬૮ છગ્ગા ૨૦૨૨)એ જ આ સિદ્ધિ મેળવી છે. વનડેમાં ૧૫૦+ રન અને ૨૦માં સદી વચ્ચે સૌથી ઓછા સમયગાળાનો રેકોર્ડ શાઇ હોપના નામે નોંધાયો છે. તેણે તાજેતરમાં જ ભારત સામે વનડેમાં અણનમ ૧૬૨ રન બનાવ્યાનાં છ દિવસ પછી T20માં અણનમ ૧૦૨ રનની ઈનિંગ્સ રમી. તિલકે પોતાની અણનમ ઈનિંગ્સ દરમિયાન ૨૦ ક્રિકેટમાં ૫૦૦૦ રન પૂરા કર્યા. તે સૌથી ઝડપી આ સિદ્ધિ મેળવનાર ચોથો ભારતીય છે. તેણે ૧૬૬મી ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવીને વિરાટ કોહલી (૧૬૭ ઈનિંગ્સ)ને પાછળ છોડી દીધો. તેનાથી આગળ કે.એલ. રાહુલ (૧૪૩ ઈનિંગ્સ), ઋતુરાજ ગાયકવાડ (૧૪૫ ઈનિંગ્સ) અને શુભમન ગિલ (૧૫૪ ઈનિંગ્સ) છે.

# જંગી જુમલો છતાં હારથી ખેલાડીઓ પર ભડકયા કોચ ગંભીર



ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાયેલી રોમાંચક ટી-૨૦ મેચમાં ભારતીય ટીમ દ્વારા પહેલાં બેટિંગ કરતાં ૨૪૯ રનનો વિશાળ સ્કોર કરવા છતાં મેચ ગુમાવવી પડી હતી. આ શરમજનક હાર બાદ ભારતીય ટીમનાં હેડ કોચ ગૌતમ ગંભીરનો ગુસ્સે થયા હતાં.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, આ હાર માટે માત્ર એકલા બોલરોને દોષી ઠેરવી શકાય નહીં, કારણ કે મેદાન પરની ફ્લેટ પિચ અને ભારે ઝાકળના કારણે આવી પરિસ્થિતિમાં બોલિંગ કરવી કોઈપણ બોલર માટે સૌથી મોટો પડકાર બની જાય છે.

ગંભીરે ઉમેર્યું હતું ક, આપણાં બોલરો કોઈ વિદેશી નથી, પરંતુ તેઓએ પણ આ ભારતીય ટીમ અને ડ્રેસિંગ રૂમ સુધી પહોંચવા માટે વર્ષો સુધી અત્યંત સખત મહેનત કરી છે.

ગંભીરે સ્પષ્ટ કર્યું કે ફ્લેટ (સપાટ) પિચો અને ઝાકળ જેવા સંજોગોમાં જ્યારે ૨૫૦ રન પણ બચાવી શકાતાં નથી, ત્યારે લોકો અને વિવેચકો સીધાં બોલરો પર સવાલો ઉઠાવે છે. બેટ અને બોલ વચ્ચે યોગ્ય સંતુલન ન હોય તો આવા પ્રદર્શનને કારણે બોલરોનું કરિયર પણ જોખમમાં મુકાઈ જાય છે

# ભારતની હાર માટે કેપ્ટનની ભૂલ જવાબદાર : સાતમી ઓવરમાં શિવમ દુબેને બોલિંગ આપવી ટર્નિંગ પોઇન્ટ બની : સુનીલ ગાવસ્કર

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાયેલી રોમાંચક ટી-૨૦ મેચમાં ૨૪૯ રનનો વિશાળ સ્કોર કરવા છતાં ભારતીય ટીમ મેચ જીતી શકી ન હતી અને આ શરમજનક હાર બાદ ક્રિકેટ જગતમાં ચર્ચાઓનો સિલસિલો શરૂ થઈ ગયો છે.

આ હારને લઈને ભારતીય ટીમનાં પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરે આકરી પ્રતિક્રિયા આપતાં સીધો દાવો કર્યો છે કે આ મુકાબલામાં હારનું સૌથી મોટું કારણ ભારતીય ટીમની કેપ્ટનશીપમાં થયેલી ગંભીર ભૂલ હતી.

ગાવસ્કરે મેચનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરતાં જણાવ્યું હતું કે ભારતીય બેટ્સમેનોએ પોતાની જવાબદારી ઉત્તમ રીતે નિભાવીને વિપક્ષી ટીમ સામે પૂરતાં અને મજબૂત રન બનાવી આપ્યાં હતા, પરંતુ બોલિંગ દરમિયાન લેવાયેલાં રણનીતિક નિર્ણયોએ આખી બાજી પલટી નાખી હતી.

ગાવસ્કરે વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે મેચની શરૂઆતની પ્રથમ છ ઓવરમાં આપણાં ફાસ્ટ બોલરોએ અત્યંત ધારદાર અને શાનદાર પ્રદર્શન કરીને વેસ્ટ ઈન્ડિઝના ત્રણ ખેલાડીઓને પેવેલિયન ભેગા કરી દીધાં હતાં અને વિપક્ષી ટીમ સંપૂર્ણપણે દબાણ હેઠળ આવી ગઈ હતી.

આવી સ્થિતિમાં દબાણ જાળવી રાખવા માટે સાતમી ઓવર પણ કોઈ મુખ્ય ઝડપી બોલર પાસે જ કરાવવી જોઈએ, પરંતુ તેનાં બદલે સાતમી ઓવરમાં અર્શદીપ સિંહના સ્થાને શિવમ દુબેને બોલિંગ સોંપવી એ મેચનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો. આ વ્યૂહાત્મક ભૂલના કારણે વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનો પરથી પ્રેશર હટી ગયું, તેમને હાથ ખોલવાની તક મળી ગઈ અને આસાનીથી રન બનાવીને મેચ જીતી લીધી.



# ભારત સામેની ટી-૨૦ શ્રેણી પહેલાં ન્યૂઝીલેન્ડને બેવડો ફટકો : માર્ક ચિપમેન અને ઝેક ફૌલ્ક્સ ઈજાગ્રસ્ત

**ઈજાગ્રસ્ત ખેલાડીઓના સ્થાને જોશ ક્લાર્કસન અને બ્લેર ટિકનરનો ન્યૂઝીલેન્ડ ટીમમાં સમાવેશ**



નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમ સામેની પાંચ મેચોની T20I શ્રેણી શરૂ થાય તે પહેલાં જ ન્યૂઝીલેન્ડની ટીમને મોટો આંચકો લાગ્યો છે. ન્યૂઝીલેન્ડના બે મહત્વનાં ખેલાડીઓ માર્ક ચિપમેન અને ઝેક ફૌલ્ક્સ ઈજાના કારણે આખી શ્રૃંખલામાંથી બહાર થઈ ગયા છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડ દ્વારા શુક્રવારે આ અંગેની સત્તાવાર જાહેરાત કરીને બંને ખેલાડીઓની ગેરહાજરીની પુષ્ટિ કરવામાં આવી છે. ઈજાઓની વિગત અનુસાર, માર્ક ચિપમેનને યુરોપિયન T20 પ્રીમિયર લીગ દરમિયાન ડાબા પગની હેમસ્ટ્રિંગમાં ખેંચાણ આવ્યું હતું. જોકે, T20 શ્રેણી ગુમાવ્યાં બાદ તે ભારત સામેની આગામી ODI શ્રેણી સુધીમાં ફિટ થઈ જવાની આશા છે. બીજી તરફ, ઝેક ફૌલ્ક્સ ટ્રેનિંગ સેશન દરમિયાન કમરનાં ભાગે (હિપ ફ્લેક્સરમાં) ઈજાગ્રસ્ત થયો હતો અને તે ક્યારે પુનરાગમન કરશે તે અંગે હજુ અનિશ્ચિતતા છે. આ બંને ઈજાગ્રસ્ત ખેલાડીઓના સ્થાને ન્યૂઝીલેન્ડના મુખ્ય કોચ રોબ વોલ્ટરે ઓલરાઉન્ડર જોશ ક્લાર્કસન અને ફાસ્ટ બોલર બ્લેર ટિકનરને ટીમમાં સામેલ કર્યા છે. કોચ વોલ્ટરે જણાવ્યું હતું કે, માર્ક અને ઝેક માટે દુઃખ અનુભવાય છે પરંતુ અમારી પાસે ક્લાર્કસન અને ટિકનર જેવા અનુભવી ખેલાડીઓનો વિકલ્પ ઉપલબ્ધ છે, જેઓ ભારત સામેની મહત્વપૂર્ણ શ્રેણીમાં યોગદાન આપવા માટે ઉત્સાહિત છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની આ રોમાંચક T20I શ્રેણીની શરૂઆત ૨૨ ઓક્ટોબરથી થવા જઈ રહી છે. ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલ બાદ બંને ટીમો ફરી એકવાર સામસામે ટકરાશે. ક્રિસ્ટચર્ચ, વેલિંગ્ટન, ઓકલેન્ડ અને હેમિલ્ટન ખાતે T20 મેચો રમાયા બાદ બંને દેશો વચ્ચે ૫ ODI અને ૨ ટેસ્ટ મેચોની શ્રેણી પણ યોજાશે, જેનાં કારણે ભારતનો આ પ્રવાસ એક મહિના કરતાં પણ વધુ સમય ચાલશે.

# ભારત સામે ટીર૦આઈમાં સૌથી મોટો રનચેઝ

**વેસ્ટ ઇન્ડીઝે ૧૮.૩ ઓવરમાં ૨૫૦ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો, કેપ્ટન શાઈ હોપની ૪૫ બોલમાં સેન્ચુરી**

ભારત સામે T20Iમાં સૌથી મોટો રનચેઝ થઈ ગયો છે. વેસ્ટ ઈન્ડીઝે બીજી T20માં ૬ વિકેટ ગુમાવીને ૨૫૦ રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૩માં ૨૨૩ રન ચેઝ કર્યા હતા.

રાંચીમાં ટૉસ હારતા પહેલા બેટિંગ કરતા ભારતે ૨૦ ઓવરમાં ૫ વિકેટ પર ૨૪૯ રન બનાવ્યા હતા. સંજુ સેમસને ૪૧ બોલમાં ૮૨ રન બનાવ્યા. તેના સિવાય ઈશાન કિશને ૪૩ રનની ઈનિંગ રમી. તિલક વર્મા ૪૪ રન બનાવીને અણનમ રહ્યો. તેણે છેલ્લી ઓવરમાં સતત ૩ સિક્સર ફટકારી. કેપ્ટન શ્રેયસ અય્યરે ૪૦ રન બનાવ્યા.



જવાબમાં વેસ્ટ ઈન્ડીઝે ૧૮.૨ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૫૨ રન બનાવી જીત મેળવી લીધી. કેપ્ટન શાઈ હોપે ૪૫ બોલમાં અણનમ ૧૦૨ રનની ઈનિંગ રમી. શેરફેન રધરફોર્ડે ૩૭ બોલમાં ૮૪ રન બનાવ્યા. રોમારિયો શેફર્ડ ૧૩ બોલમાં ૩૪ રન બનાવીને અણનમ રહ્યો.

વેસ્ટ ઈન્ડીઝે ૨૫૦ રનનો ટાર્ગેટ ૧૮.૩ ઓવરમાં ચેઝ કરીને ઈતિહાસ રચી દીધો. ટીમે ૬ વિકેટે મુકાબલો જીતીને ૫ મેચની સિરીઝ ૧-૧થી બરાબરી પર લાવી દીધી. કેપ્ટન શાઈ હોપે માત્ર ૪૫ બોલમાં પોતાની સદી પૂરી કરી. તેણે અક્ષર પટેલની ઓવરમાં સતત બે સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી. આ T20I ઈતિહાસનો બીજો સૌથી મોટો સફળ રનચેઝ છે. મેચમાં બંને ટીમે મળીને ૫૦૦થી વધુ રન બનાવ્યા.

શાઈ હોપ અને રોમારિયો શેફર્ડે કુલદીપ યાદવની ઓવરમાં ૩ સિક્સર અને એક ફોર ફટકારી દીધી. હોપે ઓવરના પહેલા બે બોલ પર સતત સિક્સર મારી, જ્યારે શેફર્ડે પણ એક સિક્સર અને ફોર ફટકારી. ૧૭ ઓવર પછી વેસ્ટ ઈન્ડીઝનો સ્કોર ૪ વિકેટ પર ૨૨૩ રન છે. હોપ ૪૦ બોલમાં ૮૮ અને શેફર્ડ ૯ બોલમાં ૧૯ રન બનાવીને રમી રહ્યા છે. વેસ્ટ ઈન્ડીઝને જીત માટે ૧૮ બોલમાં ૨૭ રનની જરૂર છે.

# SA20ના ઓક્શનમાં જેસન રાઉલ્સ સૌથી મોંઘો ખેલાડી બન્યો

**હેડ કોચ મોર્કલે કહ્યું- આટલી મોટી બોલીની અપેક્ષા નહોતી, એક વર્ષથી નજર રાખી રહ્યા હતા**

SA20 સીઝન-૫ના ઓક્શનમાં ૧૮ વર્ષના જેસન રાઉલ્સ સૌથી મોંઘો ખેલાડી બન્યો. કૈંકેપ ટાઉન અને જોબર્ગ સુપર કિંગ્સ વચ્ચે તેને ખરીદવા માટે હરીફાઈ લાગી હતી. જોબર્ગ સુપર કિંગ્સના હેડ કોચ અલ્બી મોર્કેલે ભાસ્કરને જણાવ્યું કે આટલી મોટી બોલીની અપેક્ષા નહોતી, જોકે ફ્રેન્ચાઇઝી એક વર્ષથી રાઉલ્સ પર નજર રાખી રહી હતી. જોબર્ગ સુપર કિંગ્સે રાઉલ્સને ૨.૯ મિલિયન રેન્ડ (આશરે ૧.૭ કરોડ રૂપિયા)ની બોલી લગાવીને ખરીદ્યો છે. તેના નામે અત્યાર સુધી માત્ર એક ૨૦ મેચનો અનુભવ છે, જેમાં તેણે બેટિંગમાં ૪૫ રન બનાવ્યા હતા અને બોલિંગમાં એક વિકેટ લીધી હતી.



સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે રાઉલ્સ હજુ પોતાનો અભ્યાસ પૂરો કરી રહ્યો છે. રાઉલ્સ ડાબા હાથથી બોલિંગ કરે છે અને ડાબા હાથથી બેટિંગ કરે છે. તે હાલમાં સાઉથ આફ્રિકાની અંડર-૧૯ ક્રિકેટ ટીમનો વાઈસ કેપ્ટન છે. તાજેતરમાં રમાયેલી CSA T20 ચેલેન્જ લીગમાં તેણે ૩૧ બોલમાં ૪૫ રન બનાવ્યા હતા. મોર્કેલે કહ્યું કે રાઉલ્સ પ્રતિભાશાળી ખેલાડી છે અને ફ્રેન્ચાઇઝી છેલ્લા એક વર્ષથી તેની પ્રતિભા પર નજર રાખી રહી હતી. તેણે એક વર્ષ પહેલાં ટેલેન્ટ સ્કાઉટ કેમ્પમાં પણ ભાગ લીધો હતો. મોર્કેલના જણાવ્યા અનુસાર, દરેક ફ્રેન્ચાઇઝી એવા યુવા ખેલાડીની શોધમાં રહે છે, જે ભવિષ્યમાં મોટું નામ બની શકે. જોકે, રાઉલ્સ આ અપેક્ષાઓ પર કેટલા ખરા ઉતરે છે, તે આવનારો સમય જ બતાવશે. મોર્કેલે કહ્યું કે ઓક્શનમાં આટલી મોટી રકમ મળ્યા બાદ ખેલાડી પર અપેક્ષાઓનું દબાણ પણ વધે છે. જોકે, રાઉલ્સ સાથે સારી મેનેજમેન્ટ ટીમ છે, જે તેને આ પરિસ્થિતિને સંભાળવામાં મદદ કરી શકે છે. તેણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે જોબર્ગ સુપર કિંગ્સનો કોચિંગ સ્ટાફ પણ રાઉલ્સને પોતાની પ્રતિભા નિખારવા અને વધુ સારા ખેલાડી બનવા માટે દરેક શક્ય તક આપશે.

# ભારત એક વર્ષમાં 300 છગ્ગા ફટકારનારી પ્રથમ ટીમ

**ભારત સામે સૌથી મોટો ટી-૨૦ રન ચેઝ; મેચમાં માત્ર બીજી વખત ૫૦૦+ રન બન્યા**



વેસ્ટ ઈન્ડીઝે રાંચીમાં રમાયેલી બીજી ૨૦ મેચમાં ભારતને ૬ વિકેટે હરાવ્યું. ટીમે ૨૫૦ રનનો ટાર્ગેટ ૧૮.૩ ઓવરમાં ચેઝ કરી લીધો. ભારત સામે T20માં આ સૌથી મોટો રનચેઝ પણ છે. ભારતે પ્રથમ ઈનિંગ્સમાં ૧૩ છગ્ગા ફટકાર્યા. આ સાથે જ ટીમ એક વર્ષમાં ૩૦૦ છગ્ગા ફટકારનારી પ્રથમ ફુલ મેમ્બર ટીમ બની ગઈ. મેચમાં કુલ ૫૦૧ રન બન્યા. કોઈ T20 મેચમાં ૫૦૦થી વધુ રન બન્યા હોય તેવી આ માત્ર બીજી ઘટના છે. ભારતે ૨૦૨૬ના T20 ઈન્ટરનેશનલમાં ૩૧૧ છગ્ગા ફટકાર્યા. પહેલીવાર કોઈ ફુલ મેમ્બર એટલે કે ટેસ્ટ રમતી ટીમે એક વર્ષમાં ૩૦૦ છગ્ગા ફટકાર્યા છે. આ પહેલાં ભારતે જ ૨૦૨૨માં ૨૮૯ છગ્ગા ફટકાર્યા હતા. વેસ્ટ ઈન્ડીઝે રાંચીમાં ભારત સામે T20નો સૌથી મોટો રનચેઝ કર્યો. આ પહેલાં ભારત સામે ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૩માં ૨૨૩ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. ઓવરઓલ T20 ઈન્ટરનેશનલમાં આ બીજો સૌથી મોટો સફળ રનચેઝ છે. સાઉથ આફ્રિકા પ્રથમ સ્થાને છે, જેણે ૨૦૨૩માં વેસ્ટ ઈન્ડીઝ સામે ૨૫૯ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. રાંચીમાં ૫૦૧ રન બન્યા. આ મેન્સ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટની બીજી મેચ છે, જેમાં બંને ઈનિંગ્સના કુલ મળીને ૫૦૦ રન બન્યા હોય. પ્રથમ સ્થાન પર સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની મેચ છે. ૨૦૦૯માં સેન્ચુરિયનમાં રમાયેલા આ મુકાબલામાં ૫૧૭ રન બન્યા હતા. ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે રાંચીમાં કુલ ૭૯ બાઉન્ડરી લાગી. તેમાં ૪૬ ચોગ્ગા અને ૩૩ છગ્ગાનો સમાવેશ થાય છે. મેન્સ T20 ઈન્ટરનેશનલની એક મેચમાં સૌથી વધુ બાઉન્ડરી ફટકારવાનો રેકોર્ડ સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડીઝના નામે છે. ૨૦૨૩ની આ મેચમાં ૮૧ બાઉન્ડરી લાગી હતી. હોપે રાંચીમાં ૪૫ બોલમાં સદી પૂરી કરી. તે વેસ્ટ ઈન્ડીઝ માટે સૌથી ઝડપી T20 આંતરરાષ્ટ્રીય સદી ફટકારનારા બેટર્સમાં બીજા સ્થાને પહોંચી ગયો. પ્રથમ સ્થાને ૩૯ બોલ સાથે જોન્સન ચાર્લ્સ છે. હોપે T20 ઈન્ટરનેશનલમાં પોતાની બીજી સદી ફટકારી. તે વેસ્ટ ઈન્ડીઝ માટે સૌથી વધુ ૨૦ સદી ફટકારનાર ત્રીજો બેટર બન્યો. આ પહેલાં ક્રિસ ગેલ અને એવિન લુઈસ આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. હોપે T20 ઈન્ટરનેશનલમાં ૧૫મી વખત ૫૦ અથવા તેથી વધુ રન બનાવ્યા. આ મામલે તે એવિન લુઈસ સાથે બીજા સ્થાને છે. ક્રિસ ગેઈલ ૧૬ ૫૦+ સ્કોર સાથે પ્રથમ સ્થાને છે. ૬ રન બનાવીને રમી રહેલા સંજુ સેમસનનો ત્રીજી જ ઓવરમાં કેચ છૂટી ગયો. અકીલ હુસૈનની બીજી બોલ પર સંજુ સેમસને શોટ રમ્યો. બોલ કવર પર ઊભેલા નિકોલસ પૂરનની ડાબી બાજુએ ગયો. પૂરણે બંને હાથથી કેચ પકડવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના હાથમાં ટકી શક્યો નહી.

# રવીન્દ્ર જાડેજા રણજી ટ્રોફીમાં રમતો જોવા મળશે : સૌરાષ્ટ્રની ૧૬ સભ્યોની ટીમમાં સામેલ

**૧૧ ઓક્ટોબરથી રણજી ટ્રોફી શરૂ : ડિફેન્ડિંગ ચેમ્પિયન સૌરાષ્ટ્રની ટક્કર છત્તીસગઢ સામે રાજકોટનાં નિરંજન શાહ સ્ટેડિયમમાં થશે**

અનુભવી ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને છત્તીસગઢ સામેની રણજી ટ્રોફીના પ્રથમ મેચ માટે સૌરાષ્ટ્રની ૧૬ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યાં છે. આ ટીમની કમાન અનુભવી ઝડપી બોલર જયદેવ ઉનડકટના હાથમાં રહેશે. જાડેજા વેસ્ટ ઈન્ડીઝ સામેની વનડે શ્રેણી જીતીને આવી રહ્યાં છે, જોકે તેમણે બે મેચોમાં માત્ર બે જ વિકેટ લીધી હતી અને તેમને બેટિંગ કરવાની તક મળી ન હતી.

રણજી ટ્રોફીમાં રમવાથી જાડેજાને ન્યુઝીલેન્ડ સામેની ભારતની બે મેચોની ટેસ્ટ શ્રેણી પહેલા લાલ બોલની ક્રિકેટમાં લય મેળવવામાં ઘણી મદદ મળશે. રણજીનું ૯૨મુ સંસ્કરણ ૧૧ ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યું છે, જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન સૌરાષ્ટ્રને એલીટ ગ્રુપ બીમાં રાખવામાં આવ્યું છે. ઉનડકટના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર પોતાનાં અભિયાનની શરૂઆત રાજકોટનાં નિરંજન શાહ સ્ટેડિયમમાં છત્તીસગઢ સામે કરશે.

પસંદગી સમિતિએ આ સિઝન માટે ટીમમાં બે નવા ચહેરાઓ, ઝડપી બોલર નીલ પંડ્યા અને ઓલરાઉન્ડર અર્થ યાદવને પણ સામેલ કર્યા છે. હાર્વિક દેસાઈ વિકેટકીપિંગ સંભાળતાં રહેશે, જ્યારે બેટિંગ ક્રમમાં અનુભવી અર્પિત વાસવડા, ચિરાગ જાની અને જય ગોહિલ ઉપસ્થિત રહેશે. ઉનડકટ અને ચેતન સકારિયા ઝડપી બોલિંગની કમાન સંભાળશે, જ્યારે સ્પિન બોલિંગની જવાબદારી પાર્થ ભુટ પર રહેશે.



સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ

# ઈડી દ્વારા દિવ્યેશ દરજીની ધરપકડ

## ઈડી દ્વારા વર્ષ ૨૦૧૯ના ચકચારિત બીટકોઈન કેસમાં આરોપી દિવ્યેશ દરજીને કોર્ટમાં રજૂ કરી ૭ દિવસનું રિમાન્ડ માંગતુ ઈડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**
૭-૮ વર્ષ પૂર્વેના બહુ ગાજેલા જંગી રકમના ચકચારિત બીટકોઈન કેસમાં ઈડી દ્વારા આરોપી દિવ્યેશ દરજીની ધરપકડ કરવામાં આવતા વર્ષો જૂના બીટકોઈન પ્રકરણે ફરી ચર્ચા જગાડી છે. ઈડી દ્વારા ગઈકાલે દિવ્યેશ દરજીની ધરપકડ કરાઈ હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે અને ઈડી દ્વારા આરોપી દિવ્યેશ દરજીને આજે બપોરે રિમાન્ડ મેળવવા અર્થે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો.

બહુગાજેલા બિટકોઈન કેસમાં રૂા.૨૦૦૦ કરોડની જંગી રકમે સમગ્ર દેશમાં ભારે હલચલ મચાવી હતી અને ફ્રોડનો ભોગ બનેલા અનેક લોકોએ દિવ્યેશ દરજી સામે પોલીસ ફરિયાદો પણ નોંધાવી હતી. દરમિયાન દુબઈમાંથી ચાલતા બિટકોઈન પ્રકરણમાં ૨૦૧૯માં ઈડીએ દિવ્યેશ દરજી વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ ગુના સબબ ઈડી દ્વારા ગઈકાલે દિવ્યેશ દરજીની ધરપકડ કરવામાં આવી હતી અને આજે બપોરે કોર્ટમાં રજુ કરી તપાસ અર્થે કોર્ટ સમક્ષ દિવ્યેશ દરજીના ૭ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. ટ્યુશન કલાસીસ ચલાવતા દિવ્યેશ દરજીએ બિટકોઈનના ધંધામાં ઝંપલાવ્યું અનેક લોકો પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ બિટકોઈનમાં કરાવ્યું હતું. દરમિયાન બિટકોઈનમાં અનેક લોકોના રૂપિયા ડૂબી પણ ગયા હતા. ઘણા સમય સુધી દિવ્યેશ દરજીએ દુબઈમાં આસરો લીધો હતો. આ દરમિયાન જંગી રકમની હેરાફેરી અંગે વર્ષ ૨૦૧૯માં ઈડીએ પણ દિવ્યેશ દરજી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.


ધ ગ્લોબલ ગરબા વિલેજ દ્વારા નવરાત્રીમાં ગરબા કિંગ ઉમેશ બારોટ, તૃપ્તિ ગઢવી, રાજ ગઢવી, કીતુ સિંદે, હર્ષદાન ગઢવી, દિવ્યા જોષી દ્વારા નવરાત્રી ૨૦૨૬ની માતાજીના ગરબા દ્વારા સુરતીઓને ગરબે ઘુમાવશે. (તસવીર : પ્રદીપ ગોહિલ)

## ફોરેસ્ટ રિઝર્વ ફંડના બહાને વૃદ્ધ સાથે ૩.૫૧ કરોડની છેતરપિંડી

સુરતના ડભોલી રોડ પર રહેતા ૭૦ વર્ષીય નિવૃત્ત વૃદ્ધ સાથે રૂ. ૩.૫૧ કરોડથી વધુની છેતરપિંડી થયાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એફ.આર.એફ. (ફોરેસ્ટ રિઝર્વ ફંડ)માં રૂ. ૨૨૦૦ કરોડ રોકાયેલા હોવાનું જણાવી આ નાણાં છોડાવવાની પ્રક્રિયા માટે રકમની જરૂર હોવાનું કહી આરોપીએ વૃદ્ધને વધુ વળતરની લાલચ આપી હતી. આ વિશ્વાસના આધારે વૃદ્ધ પાસેથી વર્ષ ૨૦૦૭થી આજદિન સુધીમાં ટુકડે-ટુકડે બેંક, રોકડ અને આંગડિયા મારફતે કુલ રૂ. ૩,૫૧,૨૨,૧૦૦ મેળવી લીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો

અનુસંધાન પાના ૭ પર

## માયરા ફેબ પાસેથી માલ ખરીદી વેપારીઓ દ્વારા ૭૭.૯૮ લાખની ઠગાઈ

### પ્રતિષ્ઠિત દલાલ હોવાની ઓળખ આપી મોટા વરાછાના વેપારીને ચૂનો ચોપડાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**
સુરતના રિંગરોડ સ્થિત કાપડ બજારમાં સાડીનો માલ ખરીદ્યા બાદ લાખો રૂપિયાનું પેમેન્ટ નહી ચૂકવવાના મામલે વેપારીઓ અને કાપડ દલાલો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મોટા વરાછામાં રહેતા માયરા ફેબના વેપારી પાસેથી અલગ-અલગ બિલ અને ચલણથી કુલ રૂ. ૮૩.૧૮ લાખની સાડીઓનો માલ મેળવ્યા બાદ રૂ. ૫.૧૯ લાખ ચૂકવી બાકીના રૂ. ૭૭.૯૮ લાખ નહી ચૂકવવામાં આવતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ, મોટા વરાછાની પંચદેવ રેસીડન્સીમાં રહેતા ૩૦ વર્ષીય તિલક જશવંતભાઈ સોજીત્રા વેપાર સાથે સંકળાયેલા છે. તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૫થી તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન સુરતના રિંગરોડ સ્થિત કોહિનૂર ટેક્સટાઈલ માર્કેટમાં મહાવીર ટેક્સટાઈલના પ્રોપ્રાઈટર મણી તિવારી સહિતના વેપારીઓએ માયરા ફેબ પેઢી પાસેથી અલગ-અલગ બિલ અને ચલણથી કુલ રૂ. ૮૩,૧૮,૭૪૮ની સાડીઓનો માલ મેળવ્યો હતો. આ વ્યવહારમાંથી રૂ. ૫,૧૯,૭૫૭ ચૂકવવામાં આવ્યા હતા, પરંતુ બાકીના રૂ. ૭૭,૯૮,૯૯૧ આજદિન સુધી ચૂકવવામાં આવ્યા ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે કાપડ દલાલ ચંદુલાલ અને હરીશ શુક્લાએ પ્રતિષ્ઠિત દલાલ તરીકે વિશ્વાસ સંપાદિત કરી માયરા ફેબ પેઢી પાસેથી માલ અપાવ્યો હતો. આ ઉપરાંત મહાવીર ટેક્સટાઈલ, એસ.કે. કાકરાપાર, શ્યામ થેડ, દિપ્તી ફેશન, એમ.આર. ક્રિએશન અને ગીતા ફેશન સાથે સંકળાયેલા વેપારીઓ સામે પણ બાકી નાણાં નહી ચૂકવવાનો આક્ષેપ કરાયો છે. આ મામલે તિલક સોજીત્રાએ તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવતાં પોલીસે સમગ્ર વ્યવહાર અંગે તપાસ હાથ ધરી છે.

## લસકાણામાં ટેમ્પાએ દંપતિને ઉડાવી દેતા મહિલાનું મોત થયું

### અમરોલીના બેલડિયા દંપતિને અડફેટે ચઢાવી ટેમ્પા ચાલક ફરાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**
સુરતના લસકાણા વિસ્તારમાં કામરેજથી સુરત તરફ જતા માર્ગ પર વર્લ્ડ વ્યુ હોટેલ અને ફેડરલ બેંકની સામે અજાણ્યા થ્રી-વ્હીલર ટેમ્પોચાલકે પાછળથી ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પતિને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે તેમની પત્નીને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ ટેમ્પોચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

પોલીસ ફરિયાદ મુજબ, અમરોલીના કોસાડ રોડ પર આવેલી મારુતિધામ સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષીય હરેશભાઈ શિવાભાઈ બેલડીયા ગત તા. ૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૦:૪૫ વાગ્યે પોતાની પત્ની શોભનાબેન સાથે જઈ રહ્યા હતા. તે દરમિયાન લસકાણા વર્લ્ડ વ્યુ હોટેલ અને ફેડરલ બેંકની સામે કામરેજથી સુરત તરફ જતા જાહેર માર્ગ પર પાછળથી પૂરઝડપે આવેલા અજાણ્યા થ્રી-વ્હીલર ટેમ્પોચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી તેમને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં હરેશભાઈને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે શોભનાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટેમ્પોચાલક મદદ કરવાને બદલે સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

## મોટીવેડમાં દારૂના અડ્ડા પર બબાલ પિતા-પુત્ર સહિત ત્રણ પર હુમલો

### મારામારીમાં બેને ચપ્પુના ઘા ઝીંકી દેવાતા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**
સુરતના મોટીવેડ ગામમાં દેશી દારૂના અડ્ડા પાસે મારામારીની ઘટના સામે આવી છે. પાણીની બોટલ અને વિમલની ખરીદી કરવા ગયેલા આધેડ સાથે બોલાચાલી બાદ મારામારી કરવામાં આવી હતી. આ દરમિયાન આધેડને જાતિસૂચક અપશબ્દો બોલી ઢીકમુક્કીનો માર મારવામાં આવ્યો હતો, જ્યારે તેમના પુત્ર અને ભત્રીજાને ધારદાર ચપ્પુના ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય બે શખસોએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ, સિંગણપોરના ભરીમાતા રોડ પર આવેલી બાલાજી પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૨ વર્ષીય હરીશભાઈ નાનજીભાઈ આહુ (રાઠોડ) છૂટક મજૂરી કામ કરે છે. તા. ૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે આશરે સાત વાગ્યાના અરસામાં તેઓ મોટીવેડ ગામમાં વડલા પાસે આવેલા પાનના ગલ્લે પાણીની બોટલ અને વિમલ ખરીદવા ગયા હતા. તે દરમિયાન ધર્મેશ ઉર્ફે દત્તુ પટેલે તેમને ધક્કો મારી બોલાચાલી અને ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ જાહેરમાં જાતિસૂચક અપશબ્દો બોલી ઢીકમુક્કીનો માર માર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. આ દરમિયાન ધર્મેશ ઉર્ફે દત્તુ પટેલે હરીશભાઈના પુત્ર જયેશને ધારદાર ચપ્પુથી ગંભીર ઈજા પહોંચાડી હતી, જ્યારે અનિકેત નાયકાએ તેમના ભત્રીજા કિરણને ચપ્પુના ઘા ઝીંકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો હતો. બીજી તરફ, બાબો અને મનીશ નામના શખસોએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ બાદ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે હરીશભાઈની ફરિયાદના આધારે પોલીસે ધર્મેશ ઉર્ફે દત્તુ પટેલ, અનિકેત નાયકા, બાબો અને મનીશ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીંડોલીમાં હથિયારથી હુમલો કરી રોકડા રૂા.ત્રણ હજારની લૂંટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**
સુરતના ડિંડોલી વિસ્તારમાં રાત્રિના સમયે નોકરી પરથી ઘરે જઈ રહેલા યુવકને નિશાન બનાવી લૂંટની ઘટના સામે આવી છે. માર્ક પોઈન્ટથી ચિત્રકુટનગર સોસાયટી તરફ જતા રસ્તા પર મેડિકલની સામે એક અજાણ્યા શખસે યુવક પર ચપ્પુ જેવા ધારદાર હથિયારથી હુમલો કરી ગરદન અને પીઠના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. ત્યારબાદ યુવકના પેન્ટના ખિસ્સામાંથી રૂ. ૩ હજાર બળજબરીથી કાઢી આરોપી ફરાર થઈ ગયો હતો.

પોલીસ ફરિયાદ મુજબ, ડિંડોલીની શ્રદ્ધા સોસાયટીની બાજુમાં આવેલી ચિત્રકુટનગરમાં રહેતા ૩૮ વર્ષીય મુકેશ નવલ પારધી નોકરી કરે છે. ગત તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૧:૩૦થી ૧:૪૦ વાગ્યાના

અનુસંધાન પાના ૭ પર

## બે પેઢીમાંથી યાર્ન ખરીદી રૂા.૧૪ કરોડનું પેમેન્ટ આપવા ઈનકાર

### એપેક્ષ સાઈઝર અને નિરઝા સાઈઝર પેઢીની પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**
સુરતના કાપડ ઉદ્યોગમાં યાર્નના ઉધાર વેપારને લઈને કરોડો રૂપિયાની ઉઘરાણીનો મામલો સામે આવ્યો છે. સચીનના હોજીવાલા એસ્ટેટમાં યાર્નના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીની બે પેઢીમાંથી રૂ. ૩.૭૧ કરોડથી વધુની કિંમતનો યાર્નનો માલ ઉધારમાં મેળવ્યા બાદ અન્ય વેપારીઓને રૂ. ૧૦.૪૧ કરોડથી વધુની કિંમતનો યાર્નનો માલ ઉધારમાં અપાવી તેનું પેમેન્ટ સમયસર નહી ચૂકવી વિશ્વાસઘાત કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે ભાવિન પોલી ફેબના બે ભાગીદારો સામે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ, સચીનમાં ડી.ડી. નેશનલ ટાવરની સામે આવેલા વૃંદાવન રો હાઉસમાં રહેતા ૩૧ વર્ષીય સાગર તુલસીભાઈ ગોડલીયા વેપાર સાથે સંકળાયેલા છે. તેમની એપેક્ષ સાઈઝર પેઢીમાંથી તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫થી તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ દરમિયાન રૂ. ૬૬,૧૦,૯૪૭ની કિંમતનો યાર્નનો માલ આપવામાં આવ્યો હતો. જ્યારે નિરઝા સાઈઝર પેઢીમાંથી તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૫થી તા. ૨૭ મે, ૨૦૨૬ દરમિયાન રૂ. ૩,૦૫,૨૪,૫૧૦ની કિંમતનો યાર્નનો માલ આપવામાં આવ્યો હતો. આમ, બંને પેઢીમાંથી કુલ રૂ. ૩,૭૧,૩૫,૪૫૭નો યાર્નનો માલ ૨૦ દિવસની મુદતે વેપારી શિરસ્તા મુજબ ઉધારમાં વેચાણથી આપવામાં આવ્યો હતો. ફરિયાદમાં ભાવિન પોલી ફેબના ભાગીદારો પ્રિતેશકુમાર વિક્રમભાઈ પટેલ અને ભાવિનકુમાર વિક્રમભાઈ પટેલ સામે આક્ષેપ કરાયો છે કે તેમણે અન્ય યાર્ન વેપારીઓને પણ મોટા પ્રમાણમાં માલ ઉધારમાં અપાવ્યો હતો. જેમાં કાનાણી ટેક્સટાઈલ્સમાંથી રૂ. ૨,૭૯,૪૪,૩૯૯, કેવલ કાપડિયાની અલગ-અલગ પેઢીઓમાંથી રૂ. ૮૨,૯૮,૮૦૩, ટેક્ષોરા ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.માંથી રૂ. ૪૫,૯૮,૨૯૩, ત્રિનિશ સિન્થેટિક્સ પ્રા.લિ. અને કે.પી. ફેશનમાંથી રૂ. ૧,૧૨,૦૫,૪૩૬ તથા સ્પીનોરા વોરપ્ટેકમાંથી રૂ. ૧,૪૯,૯૮,૨૮૭ની કિંમતનો યાર્નનો માલ સામેલ છે.


સુરતમાં કેસરિયા-૪.૦ પ્રિ-નવરાત્રીના આયોજન દરમિયાન ભીડ બેકાબુ બનતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. લોકગાયિકા ગીતા રબારીના ગરબાની રમઝટ માણવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ગરબા રમવા ભીડ બેકાબૂ થતા બેરિકેટ તૂટી પડ્યા હતા. જેના કારણે અનેક લોકો નીચે પટકાયા હતા અને અમુકને ઈજાઓ થવા પામી હતી. (તસવીર : પ્રદીપ ગોહિલ)

## મોરા ગામમાં સોસાયટીની મિટીંગમાં પ્રમુખ સાથે મારામારી

### ઉગ્ર બોલાચાલી બાદ પગ ભાંગી નાખવાની ધમકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**
સુરતના મોરા ગામમાં આવેલી ચિત્રકુટ કો-ઓપરેટિવ હાઉસિંગ સર્વિસ સોસાયટીમાં પ્રમુખ સાથે ગાળાગાળી, હાથાપાઈ અને જાતિસૂચક અપશબ્દો બોલવાની ઘટના સામે આવી છે. સોસાયટીમાં પાણી ચઢાવવા માટેની ઈલેક્ટ્રિક મોટરની ટ્રાયલ અંગે યોજાયેલી બેઠક દરમિયાન એક રહેવાસીએ પ્રમુખ સાથે ઝઘડો કરી પગ ભાંગી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે મોરા ગામમાં રહેતા ૫૩ વર્ષીય નટુભાઈ છગનભાઈ ચૌહાણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદ મુજબ, મોરા ગામના ભવાની મંદિર મહોલ્લા પાસે આવેલી ચિત્રકુટ સોસાયટીમાં રહેતા નટુભાઈ ચૌહાણ નોકરી કરે છે અને સોસાયટીના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળે છે. ગત તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ત્રણ વાગ્યે સોસાયટીના મકાન નંબર ૧૧ના

અનુસંધાન પાના ૭ પર

## મહિલાનું ગીરવે મૂકેલુ ૨૪ તોલા સોનું પરત નહીં કરતા ફરિયાદ

### વ્યાજ અને લોનની રકમ ચૂકવી દીધા બાદ પણ ઉધનાના ધીરધારે ઘરેણાં પરત કર્યા નહીં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**
સુરતના અડાજણ વિસ્તારમાં ફાઈનાન્સ પેઢીમાં ગીરવે મૂકેલું ૨૪ તોલા સોનું નાણાં અને વ્યાજ ચૂકવી દીધા હોવા છતાં પરત નહી મળતાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. અડાજણની મહિલાએ વર્ષ ૨૦૧૧થી ગીરિશચંદ્ર પટેલ નામના વેપારી પાસે સોનું ગીરવે મૂક્યું હતું. મહિલાના જણાવ્યા મુજબ, ગીરવે મૂકેલા સોનાની રકમ અને વ્યાજ ચૂકવી દીધા બાદ પણ વેપારીએ સોનું પરત આપ્યું નહોતું. દરમિયાન વર્ષ ૨૦૨૬માં જાણ થઈ હતી કે તેમનું સોનું મુથૂટ ફાઈનાન્સમાં ગીરવે રાખવામાં આવ્યું હતું અને લોનની રકમ નહી ભરાતાં તેની હરાજી થઈ ગઈ હતી.

પોલીસ ફરિયાદ મુજબ, અડાજણના હનીપાર્ક રોડ પર આવેલી સી.કે. પાર્ક સોસાયટીમાં રહેતાં ૫૭ વર્ષીય દર્શનાબેન દેવભદ્ર વાડીલાલ શાહે

અનુસંધાન પાના ૭ પર

